


# અધ્યાત્મ

વર્ષ : ૧૮

મે-૧૯૯૭

અંક : ૮

## * સંસારનો ઉપભોગ ત્યાગભાવથી કરો *

જગતમાં જેટલા પદાર્થો છે તે બધા પરમાત્માથી ઓતપ્રોત છે. પરમાત્મા સંસારના બધા જ પદાર્થોમાં વ્યાપેલા છે. જગતમાં જે કંઇ પદાર્થો દેખાય છે અથવા જુદાં જુદાં નામ ને રૂપ ધારણ કરીને જે વસ્તુ વિલસી રહી છે તે પરમાત્માનું જ પ્રતીક છે. પરમાત્મા જ રસરૂપે, પ્રેમરૂપે, પ્રકાશરૂપે ને સુંદરતારૂપે સંસારમાં પ્રકાશી રહ્યા છે. સૌથી પહેલાં તો માણસે આ સત્યને સમજી લેવાની જરૂર છે. તેની સાથે સાથે જે પદાર્થો પરમાત્માના છે તેમનો જરૂર પ્રમાણે સ્વાદ લેવામાં કે ઉપયોગ કરવામાં કશી હરકત નથી એ પણ સમજી લેવાની જરૂર છે. એટલે કે સંસારનો ને સંસારની વસ્તુનો કોરો ત્યાગ જરૂરી નથી. સંસારના પદાર્થો ને વાતાવરણની વચ્ચે રહેવામાં કશી હરકત નથી. સંસારની રચના ને તેમાં માનવનો પ્રવેશ જ તેના જરૂરી રસાસ્વાદને માટે છે. પરંતુ તે સ્વાદ ને ભોગ એવો અમર્યાદ ન હોવો જોઇએ કે તેમાં ડૂબીને માણસ પોતાનું કર્તવ્ય જ ચૂકી જાય અથવા તો પરમાત્માને ભૂલી જાય. એટલે ઉપનિષદ્ કહે છે કે સંસારનો ઉપભોગ ત્યાગભાવથી કરવો જોઇએ.

ત્યાગભાવનો અર્થ બહુ અટપટો અને અઘરો નથી. બધા જ પદાર્થો પરમાત્માના છે તેથી માણસે તેમના સમાગમ કે સંબંધમાં આવવાનું થાય ત્યારે તેમના પર માલિકીપણાની મહોર મારવાની જરૂર નથી. માલિકીપણાની દૃષ્ટિ રાખવાથી અથવા પદાર્થોમાં મમત્વ રાખવાથી માણસ રાગદ્વેષ, સુખદુઃખ ને હર્ષશોકનો અનુભવ કર્યા કરે છે. માટે જ મહાન પુરુષોએ માલિકીપણા ને મમતાના ભાવોનો ત્યાગ કરીને સુરક્ષક ભાવને વિકસાવવાનો ઉપદેશ આપ્યો છે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ ય. મહેતા | ૧૧ |
| મહાત્મા ગાંધીજીનો કર્મયોગ | પ્રો. ડૉ. હરીશ વ્યાસ | ૧૪ |
| ૧૪ મો લીલાસંવરણદિન | સુરેશભાઈ શાહ–કેનેડા | ૨૦ |
| કર્મનો અટલ સિદ્ધાંત | હીરાભાઈ ઠક્કર | ૨૪ |
| શ્રીગંગાલહરી | પરમાર્થી | ૩૩ |
| મન! જાગ રે | ડૉ. રણજિત પટેલ (અનામી) | ૩૮ |
| Love–Light for Humanity | Dada Vaswani | ૩૯ |
| પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની મુલાકાતની પૂર્વભૂમિકા–(૩) | યોગેશ્વર | ૪૬ |
| સ્ત્રી સંત–શ્રીઈંદિરાદેવી | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૫૭ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી


વર્ષ : ૧૮ મે–૧૯૯૭ અંક : ૮


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

તા. ૨૮–૫–૮૧, ગુરુવાર, વૈશાખ વદ નોમ, ૨૦૩૭

સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચારરસ્તા, અમદાવાદ.

સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ કરી પૂ. શ્રી લેખનકાર્ય કરવા બેસી જાય છે.

આજે પેટ બરાબર ન હોવાથી પૂ. શ્રીએ દૂધ પીવાની અનિચ્છા બતાવી છતાં લગભગ સવાનવ વાગ્યે થોડું દૂધ લીધું. તે પહેલા પૂ. શ્રી 'ઊઠે સમયે તે સંત, ન ઊઠે તે ભગવંત'–વિષય પર એક લેખ લખી નાંખે છે. ત્યારબાદ રામાયણ લેખન શરૂ થાય છે. ત્યારબાદ પૂ. શ્રી આરામ કરતા કરતા માળા કરે છે.

સાડા અગિયારે ભોજન લીધું. જેમાં પૂ. શ્રી મગ–ભાત લે છે. ભોજનબાદ શ્રી બાબુભાઈ સહિત છએક ભાઈબેનો પૂ. શ્રીની

મુલાકાત માટે આવે છે. જેમાં આબુ જવાની વાત ચર્ચાય છે. વળી અત્યારસુધી જે ઉતારાઓની અગવડ પડી હતી તેની ચર્ચા પૂ. શ્રીએ કરી. તેમાં સિદ્ધપુર, સુરેન્દ્રનગર, મુંબઇના ઉતારાની અગવડની વાતો થઇ.

સમય થતાં સૌ વિદાય થાય છે. આજે શ્રીહરિ અને શ્રી કલ્યાણને પત્ર લખવામાં આવે છે. પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. વચ્ચે થોડો આરામ કરી ફરી લેખનકાર્ય ૬ વાગ્યા સુધી કરે છે. ત્યાર-બાદ સ્નાન કરી મુલાકાત માટે તૈયાર થાય છે.

સાડા છ વાગ્યે મુલાકાતીઓમાં શ્રી બાબુભાઇ જ આવે છે. તેમની સાથે ફરી ઉતારાની વાત થાય છે. આબુમાં મફત ઉતારો મળે એ બાબુભાઇની ગણત્રી છે. પૂ. શ્રી થોડા દિવસ આબુ જવા માંગે છે. શ્રી બાબુભાઇ સસ્તા ઉતારાની શોધમાં છે. તેઓ એ માટે બહારગામ તાર કરે છે. એના અનુસંધાનમાં પૂ. શ્રી કહે છે :

ઉતારો સારો, સ્વચ્છ હોવો જોઇએ. ભલે પૈસા થાય, પણ સગવડ સારી હોવી જોઇએ. મફત ઉતારામાં અસ્વચ્છતા ને અગવડ ને છલ્લે દિવસે ડોનેશનની અપેક્ષા રહે છે.

વાત ચાલતી હતી ત્યાં જ શ્રી ભૂપતભાઇ પાટડીવાળા સુરેન્દ્ર-નગરથી આવે છે. તેઓ તાજેતરમાં જમનોત્રીની યાત્રા કરી આવ્યા છે. તેઓ કહે છે કે હવે ફક્ત ૧૪ માઇલ જ ચાલવાનું રહે છે. પૂ. શ્રી બીજી વાતો યાત્રાની પૂછે છે.

આજે ભાવનગરથી શ્રી મણિભાઇ શાહ પણ આવીને બેઠા છે. ઓરડો ધીરે ધીરે ભરાઇ જાય છે. શ્રી મણિભાઇ પૂછે છે.

**પ્રશ્ન** : આપણને જે જે ઇચ્છા થઇ, જે જે વિચાર આવ્યો તેને માર્ગ આપવો એ શું યોગ્ય છે? એને કેટલાક સહજમાર્ગ કહે છે તો એ શું?



**પૂ. શ્રી** : માનવ તો શું, પશુઓ પણ જે જે વિચારો, ભાવો થાય તે ઘણીવાર છોડી દે છે.

અમારે એકવાર એવું જ થયેલું. માતાજીએ બે રોટલી નાંખી. કૂતરું આવ્યું. રોટલી સૂંઘીને ઊભું જ રહ્યું. મેં પૂછ્યું એમ કેમ? માતાજી કહે રોટલી વાસી છે. ને સાચે જ કૂતરો રોટલી સૂંઘીને જતો રહ્યો. પશુઓ પણ પોતાની લાગણીને તરત પ્રવાહિત કરતા નથી. જેટલું લેવા જેવું હોય તેટલું જ લે છે. તો માનવ તો ઘણો આગળ છે. તો પછી માનવને જે વિચાર કે ભાવ ઊઠે તે અમલ કરવા જેવો છે કે નહીં તે વિચારે જ. શિક્ષણને સંસ્કાર એને માટે જ છે. પશુઓ જ્યારે વિચારે તો માનવે તો વિચારવું જ જોઇએ ને. માનવે વિવેક કરવો. આવેલો વિચાર સારો છે કે કેમ અથવા તે અમલ કરવા જેવો છે કે કેમ તેનો વિવેક કરવો.

આવેલા વિચારને વહેતો કરવો એ પણ ખોટું ને આવેલા વિચારને દબાવી દેવો એ પણ ખોટું—બંને અંગે વિવેક કરવો.

(એક ભાઇ પ્રશ્ન પૂછે છે.)

**પ્રશ્ન** : તમે વાચન ક્યારે કરેલું?

**પૂ. શ્રી** : હિમાલય જતા પહેલા વિદ્યાર્થી અવસ્થામાં ઘણાં બધાં પુસ્તકોનું વાચન કરેલું. પછી હિમાલયમાં તો લખવા, વાંચવા કે મળવા નો'તો ગયો. પ્રભુને જ મળવા ગયેલો, એટલે લેખન વાંચન બંધ હતું. પાંચ વરસ તો મૌન જ રાખ્યું.

લેખનકાર્ય—આ બધા પુસ્તકોનું થયું તે હિમાલયના સાધના-કાળ દરમ્યાન નહીં, લેખન તો ૧૯૬૦ થી શરૂ કર્યું. બ્રહ્મસૂત્ર જેવા ગ્રંથો લખવાનું થયું ત્યારે સૂત્ર સાથે વિસ્તારથી લખવું પડે તો ત્યારે અનેક વિદ્વાનોના ભાષ્યો વાંચવા પડે. પણ મને એ બધા

ભાષ્યો ન ગમે. એટલે મારી રીતે જ મેં લખવા માંડયું.

જ્યાં જ્યાં કંઇ અર્થ ન સમજાય ત્યાં ત્યાં તે તે ગ્રંથના મૂળ ઋષિ ને બોલાવીને તેમને જ પૂછી લઉં. મહાપુરુષને બોલાવવાની, તેમની સાથે વાતો કરવાની શક્તિ ભાગ્યે જ ભારતમાં કોઇ એકાદપાસે હશે. ઘણાં ઉપવાસ, ઘણું તપ કર્યું તો કંઇક તો પ્રભુ આપે ને? એટલે એ શક્તિ મારી પાસે છે, એટલે તેમને બોલાવી લેવાથી મારું કાર્ય સરળ થઇ જતું.

રમણ મહર્ષિનું પુસ્તક લખવા માંડયું ત્યારે શ્રી રમણ મહર્ષિ મસૂરી મારી રૂમમાં ૭ થી ૮ કલાક બેસી રહેતા. એકવાર લેખન માટે પત્રસાહિત્યની જરૂર પડી. મેં આર. આર. શેઠને જ લખ્યું. કારણ આર. આર. શેઠે મને એ ગ્રંથનું કાર્ય સોંપેલું. કંપનીએ લખ્યું કે એ પત્રનું પુસ્તક નથી. મેં રમણાશ્રમ લખ્યું. તો ત્યાંથી પણ 'ના' આવી. છેવટે મેં મહર્ષિને (રમણ મહર્ષિને) બોલાવ્યા અને તેઓને પૂછ્યું. તેમણે કહ્યું : થોડા દિવસ રાહ જુઓ. ને બે જ દિવસમાં રણાશ્રમમાંથી પત્ર આવ્યો કે અમે તમને પુસ્તક નથી એમ લખેલું પણ અમારી લાયબ્રેરીમાં અમે તપાસ કરી તો એક કોપી મળી છે જે મોકલીએ છીએ.

મહર્ષિ એવું ધ્યાન રાખતા.

**એક ભાઇ :** મહાપુરુષો કઇ ભાષામાં વાત કરે?

**પૂ. શ્રી :** જે ભાષા ભક્તો જાણતા હોય તેમાં વાત કરે.

**નંદુભાઇ :** મહાપુરુષોને બોલાવવા માટે તમારે કંઇ સંકલ્પ કે વિધિ કરવા પડે?

**પૂ. શ્રી :** ના ફક્ત વિચાર જ કરું. વિચારમાં જ એવી શક્તિ છે. પ્રથમ તો હું એ જાણી લઉં કે તેનો જન્મ થયો કે નહીં. જો



જન્મ થયો હોય તો તે ન આવી શકે. બીજી વાત એ જાણી લઉં કે તે સૂક્ષ્મ સ્વરૂપે હોય તો તે આવવા તૈયાર છે કે નહીં? પછી જેમ ટેલીફોનની ચક્ર તમે ફેરવો ને ત્યાં ઘંટડી વાગે ને હાજર થાય એનાથી પણ ઓછા વખતમાં આ મહાપુરુષો પૃથ્વી પર હાજર થઇ જાય.

ત્યાં વળી જાણીતા લેખક શ્રી યશવંત શુક્લ અને સાથે સાથે શ્રી વાસુદેવભાઇ મહેતા આવે છે. ત્યારે પૂ. શ્રીની આજ્ઞાથી સર્વેશ્વરી નોંધપોથીનો એક દિવસ વાંચે છે. નોંધપોથીનું વાચન થયા બાદ પૂ. શ્રી શ્રી યશંવતભાઇ શુક્લ સાથે વાત કરે છે. માતાજીની માંદગી, માતાજીનું મન વિગેરે વિષે વિગતવાર વાતો કરે છે.

વળી રેલ્વે બોર્ડના સભ્ય શ્રી આર. બી. લાલ (મસૂરીની) વાત થાય છે. પછી પૂ. શ્રી પોતાની હાલની રામાયણલેખનની પ્રવૃત્તિની વાતો કરી રહ્યા છે. આજે રામાયણનો અહલ્યા ઉદ્ધારનો પ્રસંગ લખ્યો તે સૌને ગાઇ સંભળાવે છે.

ત્યારબાદ પૂ. શ્રી 'અર્ઘ્ય' પુસ્તક શ્રી યશવંત શુક્લને ભેટ આપે છે. સર્વેશ્વરી પૂ. શ્રીની આજ્ઞા ને યશવંત શુક્લની ઇચ્છાથી એક ભજન ગાઇ સંભળાવે છે.

'મારો સ્વજન બન્યો શામળીયો.'

ભજનબાદ સૌ વિદાય થાય છે. આજે વડોદરાથી શ્રી તરલિકાબેન આવે છે. તેમને પૂ. શ્રી માર્ગદર્શન આપે છે.

આજે ગુરુવાર હોવાથી પૂ. શ્રી બટાટાનું શાક ને દૂધ વિગેરે લે છે. ત્યારબાદ આરામ કરવા વિચારે છે ત્યાં વળી આબુ જવા માટે ટેક્સીની તપાસ અંગે વાત કરવા અમીત આવે છે. સાથે

નંદુભાઇ પણ ઊભા છે. પૂ. શ્રી થોડી વાતો કરે છે. નંદુભાઇનો આખોયે પરિવાર ઉપર આવીને ઊભો છે. પછી પૂ. શ્રી આરામ કરે છે.

પણ ત્યાં વળી ૧૦–૧૫ મિનિટે ફરી આજનું લેખન ઉતારી લેવાનો વિચાર જાગે છે. પરિણામે ૧૧ વાગ્યા સુધી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. તો સર્વેશ્વરી પણ ૧૧:૧૦ સુધી લેખન કરી આરામ કરે છે.

**તા. ૨૯–૫–૮૧, શુક્રવાર, વૈશાખ વદ દશમ, ૨૦૩૭**
**સ્થળ : ૨, નરસિંહનગર, નારણપુરા, ચારરસ્તા, અમદાવાદ.**

પૂ. શ્રીનો સવારનો ક્રમ સુનિશ્ચિત હોય છે. આજે પાતળા મળની તકલીફને લીધે પૂ. શ્રી દૂધ નથી લેતા, છતાં આળસ, થાક કે કંટાળો નથી. બધું જ કાર્ય નિયમિત ૧૧ વાગ્યા સુધી ચાલ્યું, સાડા અગિયાર સુધી આરામ કરી ખીચડી ને શાકનું ભોજન લીધું.

પૂ. શ્રી પોતાના ઓરડામાં જ ભોજન લે છે. એની પાછળ સમાજના સંપર્કથી દૂર રહેવું અને સંસારીઓની અવરજવર હોય તે સ્થાનમાં ભોજન લેવું એના કરતાં પોતે જ્યાં છે ત્યાં જ ભોજન મંગાવી લેવું, જાતે પીરસી લેવું ને શાંતિથી ભોજન કરી લેવું એવી તેઓની વિચારસરણી હોય છે.

ભોજન બાદ માળા લઇને પૂ. શ્રી મુલાકાતખંડમાં બેઠા છે. શ્રી બાબુભાઇ વોરા, ભૂપતભાઇ અને ઘરનાં બે–ત્રણ ભાઇબેનો આજે આવે છે. આજે જુદા જુદા મહાત્માઓની વાતો નીકળી ૐકારાનંદ, શ્રી મહેશ્વરાનંદ વગેરેની વાતો પણ થઇ. સમય થતાં સૌએ વિદાય લીધી.

પૂ. શ્રીએ પોતાની કલમ આગળ ચલાવી. ત્રણ વાગ્યા સુધી



લેખનકાર્ય કરી પૂ. શ્રી આરામ કરે છે. વળી ફરી લેખનકાર્ય છ વાગ્યા સુધી કરે છે. ત્યારબાદ સ્નાન કરી થોડી વાતચીત બાદ સમય થતાં દ્વાર ખૂલે છે. મુલાકાતીઓ દરરોજ આવે તે જ આવીને પ્રણામ કરી પોતાની જગ્યા લે છે. કંઇક વાત નીકળતાં પૂ. શ્રી કહે છે :

વડોદરામાં એક ભાઇ ઘણાં વરસો સુધી મને મળવા આવતા. આ વખતે ઘણાં સમયે મળ્યા. મેં કહ્યું : તમે દેખાતા નથી એટલે માનું છું કે તમારે કોઇ પ્રશ્ન નહિ હોય. તેમણે કહ્યું, પ્રશ્નો, ઉપાધિ, દુઃખ જીવનમાં થોડું થોડું રહેવું જોઇએ. તો જ જીવને સંતો યાદ આવે જીવને મંદિર કે ભગવાન યાદ આવે.

આજની મુલાકાતમાં દરરોજની જેમ શ્રી કાન્તિલાલ મહેતા (ઉ. વ. ૬૬) પણ આવે છે. જેઓ છેલ્લા દોઢ વરસથી સૂર્યોદયથી સૂર્યાસ્ત મૌન પાળે છે. તેની વાતો ચાલે છે. તેઓ લખીને આપે છે એના અનુસંધાનમાં કપૂરાના સર્વેશ્વરીના કાકા શ્રી તુલસીભાઇની સાધના વિશે વાત નીકળે છે. શ્રી કાન્તિભાઇ મહેતા એક જ ટંક ભોજન લે છે. એની વાત નીકળતા પૂ. શ્રીને પોતાના પિતાજીના બા હતા તેનું સ્મરણ થાય છે. પૂ. શ્રી કહે છે :

અમારે ડોશીમા હતા, તેમની આંખ દસેક વર્ષથી કામ કરતી ન હતી. ગામડામાં તો બહાર સંડાસ જવાનું તો બહાર આંગણા-પાસે જ છોડ, ઝાડી જેવું, એટલે ત્યાં સંડાસ બેસી જાય. કુદરતના સ્વયંસેવકો–સફાઇ કામદાર જેવા. કૂતરા, ભૂંડ ત્યાં હાજર જ હોય એટલે ગંદકીનો પ્રશ્ન જ ન રહે. પણ તેઓને માતાજી ખાવાનું આપી જતાં તો ઘણીવાર બિલાડી તે ખાઇ જતી. એ ખબર પાછળથી પડી તો માતાજી કોઇ નાના છોકરાને બેસાડતા.

વળી શ્રી કાંતિભાઈના ભોજનની જ વાતો ચાલે છે. પૂ. શ્રી કહે છે :

અમે તો કાચા ચોખા જ મુઠ્ઠી ભરીને ખાઇ લેતા. ત્યારે પણ પ્રભુનો આભાર માનીને કહેતા, હે પ્રભુ! આવા ચોખા પણ છે ને ઘણીવાર ચણા પલાળીને સવારે તે પ્રેમથી ખાઈએ. વરસાદ પડતો હોય, લાકડાં ભીનાં થઇ ગયાં હોય, ચૂલાની જગ્યા ભીની થઇ ગઇ હોય તો એ પ્રયોગ ઘણીવાર કરવો પડતો. કાચું ખાઇને દિવસો કાઢવા પડતા. પણ તેમાંય પણ આનંદ હતો.

વળી ઉત્તરકાશી, ટીહરીના જેવાં એકાંત સ્થાનોમાં રહેવાનું બન્યું. તો અન્નક્ષેત્રોમાંથી ભિક્ષા મેળવી લેતા. પૂ. શ્રીની આ વાતના અનુસંધાનમાં એકાદ–બે પ્રશ્નો પૂછાયા. સમય થઇ જતાં પૂ. શ્રીએ રામકૃષ્ણદેવની સ્તુતિ બોલવાનું કહ્યું. સૌ સ્તુતિ બોલી છૂટા પડયા.

પૂ. શ્રીએ સ્નાન કરીને કણકી ને શાકનું ભોજન લીધું. લેખનકાર્ય ફરી શરૂ કર્યું. ત્યારબાદ આરામ.

આજે સર્વેશ્વરી ભોજનબાદ નીચે ફોન માટે જાય છે. તો એક કલાક વાતોમાં વીતાવે છે. પૂ. શ્રી ગંભીર સૂચના આપે છે. સર્વેશ્વરીની એ નબળાઇ છે કે પૂ. શ્રીની એ આજ્ઞાનું પૂર્ણપણે પાલન થતું નથી. સર્વેશ્વરી એ સૂચના શાંતિથી સાંભળી આરામ કરે છે. હરિ ૐ

(ક્રમશઃ)



બ્રધર લોરેન્સ

# ઈશ્વર–સાન્નિધ્યની સાધના

શ્રી યશસ્વીભાઇ ય. મહેતા

## પત્રપરિસંવાદ–૧૨

મારાં વ્હાલાં પરમ આદરણીય મા,

જો આપણે ઈશ્વર સાન્નિધ્ય માટે પૂરેપૂરા દિલથી અભ્યાસ કરવા ટેવાયેલા હોઈએ તો બધા શારીરિક રોગોનું દુઃખ–તેના થકી ઓળંગી જઈએ છીએ. ઈશ્વરેચ્છાથી ક્યારેક રોગો જડમૂળથી નિર્મૂળ પણ થઈ જાય છે એવું બને છે. આપણે વચ્ચે વચ્ચે પ્રસંગોપાત્ શારીરિક દુઃખ સહન કરવું જરૂરી હોય છે. એટલે ઈશ્વર આપણા અંતઃકરણને પવિત્ર બનાવવા માટે આ રોગોને આપણા શરીરની મુલાકાતે આવવાની રજા આપે છે. દુઃખમાં પ્રભુનું સ્મરણ સહજ રીતે થઈ જાય છે એટલે એ માટે શારીરિક દુઃખને તે આવવા દે છે.

હિંમત રાખો, તમને જે અસહ્ય શારીરિક પીડા થાય છે તે સતત રીતે તેને નિવેદિત કર્યા કરો, સાથોસાથ પ્રાર્થના કર્યા કરો કે તે દુઃખ સહન કરવાની તમને તમારા સ્વામી પૂરી શક્તિ આપે. ઈશ્વર સાથે વારંવાર તમારી જાતને રહેવાની ટેવ પાડો, અને તેનું સતત સ્મરણ કર્યા જ કરો કે જેથી વિસ્મરણ થાય તોપણ તે થોડીક ક્ષણો પૂરતું જ હોય. તમારી નબળી ક્ષણોમાં, તમે પોતાને દુર્બળ છો એવો અનુભવ કરતાં હો તોપણ તેની આરાધના કરતાં રહો, તેના નામનો જપ, તેનું ધ્યાન, તેની ઉપાસના, અને

આરાધના તમારા દુઃખની ટોચ ઉપર હો ત્યારે પણ કર્યાં કરો, તેની નમ્રતાપૂર્વક આજીજી કર્યા કરો અને એક બાળક પોતાના પિતાને સ્નેહપૂર્વક અરજ કર્યા કરે છે તેવી રીતે કરતાં રહો અને પ્રાર્થના કરો કે તેની પવિત્ર ઇચ્છા અનુસાર તમે જે માથે પડે તે સુખશાંતિથી સહી લેવા તૈયાર છો. જ્યાંસુધી મને લાગેવળગે છે ત્યાંસુધી હું આપના પ્રભુને તમને મદદરૂપ થવા મારી રંક પ્રાર્થના-ઓ નિવેદીત કરતો રહીશ.

પોતાની પ્રત્યે આકર્ષવા માટે, પોતાની પાસે ભક્તોને ખેંચવા માટે ભગવાન પાસે અનેક માર્ગો છે. તે કેટલીકવાર પોતાની જાતને, પોતાના સ્વરૂપને આપણાથી સંતાડી રાખે છે : પરંતુ કેવળ શ્રદ્ધા આવે વખતે આપણી પડખે ઊભી રહે છે અને તે જ આપણી આધારશિલા બની રહેવી જોઇએ અને આપણા વિશ્વાસ-ની તે જ ખરી બુનિયાદ છે. ઈશ્વર આપણું સર્વસ્વ છે એવી અડગ શ્રદ્ધા આપણે કેળવવાની છે.

હું જાણતો નથી કે ઈશ્વર કેવી રીતે अंत तो गत्वा । મારી શું સ્થિતિ કરશેઃ હું સદા સ્વસ્થ અને ખુશમિજાજ રહું છું, આખી દુનિયા જ્યારે દુઃખી હોય તોપણ મને તેવાં દુઃખનો અનુભવ થતો નથી. કડકમાં કડક શિસ્તને હું પાત્ર છું અને મને જે શિક્ષા કરવામાં આવે છે તે હું વધાવી લઉં છું ત્યારે મારા મનમાં આનંદનો ઊભરો આવે છે તે હું સમાવી શકતો નથી.

હું મારા પ્રભુને પ્રાર્થના કરીશ કે તમારાં ભારે દુઃખોમાંથી કેટલાંક તે મને ભોગવવા માટે આપે. પરંતુ હું મારી નબળાઇઓ જાણું છું. તે એટલી બધી મોટી છે કે, જો ભૂલેચૂકે તે મને એક ક્ષણ માટે રેઢો મૂકી દે તો આ દુનિયામાં હું જીવતો હોઉં તેવો એક



માત્ર દુષ્ટ દુર્જન બની જાઉં. જો કે હું જાણતો નથી કે કેવી રીતે આ દુનિયામાં મને એકલો છોડી દે, કારણ કે મારી શ્રદ્ધા મને સુદૃઢ માન્યતા આપે છે. ખાત્રી આપે છે કે તે આપણને કદીય ભૂલતો નથી. જો ભૂલવાનું કામ કોઇ કરી શકતું હોય તો તે આપણે ઈશ્વર નહીં પણ આપણે જ ઈશ્વરને ભૂલી જતા હોઇએ છીએ. તેને આ રીતે એકલો છોડી દેતાં આપણે ખૂબ સાવધાન રહેવું જોઇએ, તેના સાન્નિધ્યમાં આપણે જીવીએ અને મરીએ તેવી પ્રાર્થના નિત્ય કર્યા કરતો હું આપનો સદાકાળનો શુભેચ્છક બ્રધર લોરેન્સ.

(ક્રમશઃ)

**સુવાક્ય**

હૃદય જ્યાંસુધી ભાવવિભોર અથવા પ્રેમથી પરિપ્લાવિત ના બને, ઈશ્વરને માટે રડવા, પ્રાર્થના કે પોકારવા ના માંડે, અને ઈશ્વરના દર્શનને માટે આકુળ વ્યાકુળ બનીને અન-વરતપણે આક્રંદ ન કરી ઊઠે, ત્યાંસુધી ઈશ્વરદર્શનની શક્યતા નથી હોતી.

**યોગેશ્વર**

ઓ. : ૨૨૩૫૯૮
૨૩૪૦૧૬
ફે. : ૩૬૨૪૩૭
ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# મહાત્મા ગાંધીજીનો કર્મયોગ

પ્રો. ડૉ. હરીશ વ્યાસ

ચંપારણ્યનાં જંગલોમાં ગાંધીજી તેમનાં પત્ની કસ્તૂરબા સાથે, ત્યાંની આદિવાસી પ્રજાનું પ્રત્યક્ષ અવલોકન કરવા ગયેલા. જોયું તો ઘર ખુલ્લું હતું. કસ્તૂરબાએ ભીતર ડોકિયું કર્યું, તો પેલી આદિવાસી બહેનને કોઠીમાં પૂરાયેલી ભાળી. તેમણે આનું કારણ પૂછ્યું. તો પેલી બહેને કહ્યું, "અમારા ઘરમાં એક જ કપડું છે, એ પહેરીને મારા પતિ બહાર ગયા છે. એટલે હું કોઠીમાં લાજ ઢાંકવા પૂરાયેલી છું." ઘરમાંથી બહાર નીકળીને, કસ્તૂરબાએ ગાંધીજીને પેલી આદિવાસી બહેનની લાચારીની વાત કરી. આશ્રમમાં આવ્યા તો યે એમને આ લાચારીની વાતથી ચેન પડે જ નહિ. બીજાના દુઃખે દુઃખી અને સુખે સુખી થનારા સંવેદનશીલ ગાંધીજીએ, આશ્રમવાસીઓને આ બધી વાત કરી. અને આ દેશના ગરીબોને રોજીરોટી અને બે જોડ કપડાં મળે તેવું કરવા સૂચના કરી. શ્રી ગંગાબેહન વૈદ્ય મહેસાણા જિલ્લામાં વિજાપુરથી એક ઘરને માળિયેથી રેંટિયો લઈ આવ્યાં અને ગાંધીજીને આપ્યો. રેંટિયા પર સૂતર કાંતીને, ગાંધીજીએ હાથશાળ પર સૂતર વણીને, હાથે સીવીને, પોતાના હાથે જ પોતાનાં કપડાં તૈયાર કર્યાં. અને તેમના આનંદનો પાર ન રહ્યો. આ રેંટિયામાં જ તેમણે ગરીબ લોકોને માટે રોજી, રોટી અને કપડાં જોયાં, એટલું જ નહિ ભારતને માટે સ્વરાજ્યનું દર્શન કર્યું. સેવ્ય સાથે સેવકની એકતા એ જ છે ગાંધીજીનો કર્મયોગ.



એક વાર ગાંધીજી મદ્રાસ ગયેલા. શ્રી નટેસનનો છોકરો હસ્તાક્ષર કરાવવા આવ્યો. 'હરિજનફંડ'માં ફાળો આપે, તો જ ગાંધીજી હસ્તાક્ષર કરતા. હરિજનોદ્ધાર માટે ગાંધીજી આ રીતે 'હરિજનફંડ' ઊઘરાવતા હતા. છોકરા પાસે પેન્સિલ સિવાય કશું જ ન હતું. તે આપતાં ગાંધીજીએ હસ્તાક્ષર કરી દીધા. આ બાળકે આપેલી પેન્સિલ ગાંધીજી પ્રેમથી વાપરતા હતા. જેનો નાનકડો ઠૂંગો એકવાર ખોવાઈ ગયો. તેમના રહસ્યમંત્રી શ્રી મહાદેવભાઈ દેસાઈએ બીજી પેન્સિલો આપી. પણ ગાંધીજીએ એ ન લીધી. પેલા પેન્સિલના ઠૂંગાનો જ આગ્રહ રાખ્યો. બધી ચટાઈઓ ઊંચે-નીચી કરીને જોયું, ત્યારે પેલો પેન્સિલનો ઠૂંગો મળી ગયો. અને ગાંધીજી ભારોભાર ખુશીથી ભરાઈ ગયા! એમને મન એ માત્ર વસ્તુ ન હતી, બલ્કે એક બાળકની પ્રેમપૂર્ણ ભેટ હતી, જે અમૂલ્ય હતી! જેમાં એ બાળકનાં મમતા, સ્નેહ અને સદ્‌ભાવ ભરેલાં હતાં. આ બાબતે મહાન વિચારક ડૉ. આલ્બર્ટ સ્વાઈટ્ઝરે સરસ કહ્યું છે, "દરેક વસ્તુ પરમાત્માની વિભૂતિ છે. એટલા માટે દરેક વસ્તુ માટે, દરેક જીવ માટે અને દરેક માનવ માટે આદરભાવ હોવો જરૂરી છે. કારણ, ચરાચર સૃષ્ટિમાં જાગૃતભાવે યા સુષુપ્તભાવે ચૈતન્યતત્ત્વ રહેલું છે. વસ્તુ પ્રત્યે આદર એ વસ્તુની પૂજા છે. વસ્તુ પ્રત્યે અનાદર એ વસ્તુનું અપમાન, વસ્તુનો દ્રોહ છે." ગાંધીજી આ સૃષ્ટિને પરમાત્માના આવિર્ભાવરૂપે જુએ છે, એટલા માટે એકેએક વસ્તુને પ્રભુની પૂજાના સાધન તરીકે જુએ છે. અને તેના પ્રત્યે ખૂબ આત્મિકતાથી સંભાળ, કાળજી અને સાચવણી કરવામાં ઓતપ્રોત, સમરસ અને એકરસ થઈ જાય છે.

આશ્રમી જીવનની તાલીમ લેવા માટે, અલ્હાબાદથી પંડિત મોતીલાલ નેહરુએ તેમના પુત્ર જવાહરલાલ નેહરુને, ગાંધીજી પાસે, સત્યાગ્રહ આશ્રમ, સાબરમતી, અમદાવાદ ખાતે એક સમાહ

રહેવા કાજે મોકલ્યા. ગાંધીજીએ તેમને પ્રેમથી આવકાર્યા, તેમનો સામાન 'અતિથિગૃહ'માં મૂકાવ્યો. આશ્રમમાં સફાઈકાર્ય ચાલતું હતું. ગાંધીજીએ તેમને એક હાથમાં સાવરણો અને બીજા હાથમાં બાલદી પકડાવી દીધાં. સંડાસ તથા બાથરૂમની સફાઈ માટે તેમને સાથે લઈ ગયા. નાકે રૂમાલ ઢાંકીને, માખીથી બણબણતા સંડાસ જોઈને, તેઓ તો હબકી ગયા! પરંતુ ગાંધીજીએ ઝાડુથી તેમ જ બાલદીથી પાણી રેડીને, સૂગ રાખ્યા વગર, આદર્શ નમૂનાના તોરપર, એક સંડાસ ચોખ્ખોચટ કરી દીધો. અને કહે, "દેખો જવાહર! યહ સંડાસ ભગવાન કે મંદિર જૈસા સ્વચ્છ ઔર પવિત્ર લગતા હૈ ક્યા?" એમ કહીને, બાકીના સંડાસ–બાથરૂમની સફાઈ જવાહરલાલને સોંપીને, ગાંધીજી બીજા વિભાગમાં ચાલ્યા ગયા. બીજા દિવસે, "દેશ–વિદેશના પ્રશ્નોની ચર્ચા યે કરીશું અને માટલાંવડે આશ્રમ કાજે પાણી યે ભરીશું." એમ કહેતા ગાંધીજી, માટલાં સાથે સાબરમતી નદીમાં જવાહરલાલને લઈ ગયા. પાણી ભરીને માટલું જવાહરને માથે મૂકાવ્યું અને બીજું માટલું માથે લઈને ગાંધીજી અલકમલકની ચર્ચા કરતા નદીનો ઢોળાવ ચઢવા લાગ્યા. છલ્લકમલ્લક છલકાતા પાણીથી જવાહરનાં ઇસ્રીટાઈટ કપડાં ભીંજાઈ ગયાં. ત્રીજા દિવસે કહે, "સંડાસને વાપરીએ છીએ, તો સંડાસ સાફ કરીએ, પાણી પીએ અને વાપરીએ છીએ, તો પાણી યે ભરી દઈએ. ખાવાનું ખાઈએ છીએ, તો ખાવાનું પકાવતાં યે શીખીએ." જવાહરને લઈ ગયા, આશ્રમના રસોડામાં. કસ્તૂરબાએ વાર્યા, પણ ગાંધીજી સાંભળે શાના? આડણી–વેલણથી રોટલી વણતાં યે શીખવાડયું; ગુલ્લાં બનાવવાં, રોટલી શેકવી, શાક સમારવું, પીરસવું વગેરે ક્રિયાઓની તાલીમ આપી કહે, "માત્ર પુસ્તકિયું શિક્ષણ નહિ, જીવનનું શિક્ષણ, જીવન માટે શિક્ષણ અને જીવનદ્વારા શિક્ષણ એ જ છે સાચું જીવનશિક્ષણ, નઈ તાલીમ



અથવા આશ્રમી કેળવણી. ઇતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન અને ગણિત શીખીએ એટલું જ પૂરતું નથી. ખાવું છે તો અનાજ, શાકભાજી પકવતાં, પેદા કરતાં આવડે. દૂધ, દહીં, ઘી, માખણ ખાવાં છે, તો ગૌસેવા અને ગૌસંવર્ધન વિદ્યા યે આવડે. કપડાં પહેરવાં છે. તો વસ્ત્રોત્પાદન વિદ્યા યે આવડે. મકાનમાં રહેવું છે, તો મકાન બાંધ-કામની વિદ્યા યે આવડે, એ ખૂબ ખૂબ જરૂરી છે." એમ કહેતા ગાંધીજી ચોથે દિવસે ખેતીકામ, પાંચમે દિવસે ગૌસેવા કામ, છઠ્ઠે દિવસે વસ્ત્રવિદ્યાવિભાગ અને સાતમે દિવસે સુથારીકામ, લુહારી-કામ અને મકાનબાંધકામ વિભાગમાં યે તાલીમ માટે જવાહર-લાલને લઈ ગયા! અને કહેવા લાગ્યા, **स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिम् लभते नरः।** અર્થાત્ જે પોતાનાં કામો સાથે મગ્ન, તરબોળ અને તન્મય બની જાય છે, તે જ સમ્યક્‌સિદ્ધિને, પરમેશ્વરને પામે છે. આપણને સહજભાવે સ્વધર્મરૂપે પ્રાપ્ત થયેલું કામ જ પરમેશ્વર પાસે પહોંચવાનું, ઉપાસનાનું, આત્મદર્શન, પર-માત્મદર્શન અને મોક્ષપ્રાપ્તિનું સાધન છે." એટલે જ 'બાઈબલ'-માં ભગવાન ઇશુખ્રિસ્તે કહ્યું છે, "કામ એ જ ઉપાસના છે." બલ્કે જે તે પ્રાપ્ત થયેલું સત્કાર્ય જ પ્રભુની પાસે પહોંચવાનું માધ્યમ, સાધન છે. આ બધી વાતો અલ્હાબાદ પહોંચીને જવાહર-લાલે તેમના પિતાશ્રી મોતીલાલ નેહરુને કહી, ત્યારે એમના આનંદનો પાર જ ન રહ્યો, કહેવા લાગ્યા, "ગાંધીજી તો અદ્‌ભુત, અનન્ય અને જીવતા જાગતા કર્મયોગી, મહર્ષિ અને મહાત્મા જ છે! એમની સાથે તને એક સપ્તાહ જીવવાનું મળ્યું એ તો ભારે મોટો લહાવો છે!"

સંસ્કૃત સાહિત્યના પ્રકાંડ પંડિત હતા શ્રી પરચૂરે શાસ્ત્રી. વ્યાકરણ, ન્યાય, તેમ જ તત્ત્વજ્ઞાનની અનેક શાખા–પ્રશાખાઓના એ ઊંડા અભ્યાસી હતા. તેમને રક્તપિત્ત; ગલોત્કૃષ્ઠનો વ્યાધિ થયો.

જેમ જેમ એ વ્યાધિ વધતો ગયો, તેમ તેમ સર્વત્ર એમની ઉપેક્ષા, અનાદર અને અસન્માન થવા લાગ્યાં. અને આ રોગના ચેપના ભયથી લોકો તેમને ગામ બહાર જંગલમાં બહિષ્કૃત કરી આવ્યા. ગાંધીજીએ આ વાત જાણી, અને એમના દુઃખે, પોતે ખૂબ દુઃખી દુઃખી થઇ ગયા! એક સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાનની આવી ઉપેક્ષા અને દુર્દશા એમને માટે અસહ્ય બની ગઇ! આશ્રમવાસીઓની મદદથી તેઓ તેમને પોતાના 'સેવાગ્રામ આશ્રમ' (જિ. વર્ધા) ખાતે લઇ આવ્યા. સ્વરાજ્યની લડતો, સત્યાગ્રહના પ્રયોગો, અઢારવિધ રચનાત્મક કાર્યક્રમો અને આશ્રમની અનેકવિધ પ્રવૃત્તિઓમાં તેઓ ગળાડૂબ હતા. છતાંયે હજારો કામો વચ્ચેય ગાંધીજી પરચૂરે શાસ્ત્રીજી પાસે નિયમિત સેવા સારવાર, સ્નાન, માલીશ, મલમપટ્ટા આદિ શુશ્રૂષા માટે નિયમિત પહોંચી જતા. એકવાર જવાહરલાલ નેહરુ રાજકીય પ્રશ્નોની ચર્ચા માટે ગાંધીજી પાસે સેવાગ્રામમાં આવેલા. વાતવાતમાં ગાંધીજી તેમને કહે, "મારે મન જેટલું મહત્ત્વ સ્વરાજ્ય અને દેશ-વિદેશના પ્રશ્નોની ચર્ચા-વિચારણાનું છે, તેટલું જ મહત્ત્વ, બલ્કે તેથી યે વધુ મહત્ત્વ બીમારની સેવાશુશ્રૂષાનું છે." ગાંધીજીનો આ જવાબ સાંભળીને, પંડિત જવાહરલાલ તો દિંગ જ થઇ ગયા! અનેકાવધાની ગાંધીજી પરચૂરે શાસ્ત્રની સેવા સારવાર માલીશ, સ્નાન, મલમપટ્ટા વગેરે કરતા ગયા અને સાથોસાથ જવાહરલાલના પ્રશ્નો યે સાંભળતા ગયા અને વચ્ચે વચ્ચે આવશ્યક ઉત્તરો યે તેમને આપતા ગયા! બંગાળના મહાન કવિ શ્રી ચંડીદાસે ગાયું છે ને? "सबार उपरे मानुष सत्य, ताहार उपरे नाहीं।" બલ્કે સંસ્કૃતિનું પરમ પુષ્પ-માનવ અને તેની માનવતાનો વિકાસ-એનાથી ઉપર કશું જ નથી. 'મહાભારતકાર' મહર્ષિ વ્યાસે પણ આ જ વાતનું અનુમોદન કરતાં કહ્યું છે," "न मानुषात्



श्रेष्ठतरं हि किंचित्।" અર્થાત્ મનુષ્યથી શ્રેષ્ઠ કરેખર કોઇ જ વસ્તુ નથી.

મહાન અમેરિકન પત્રકાર લૂઇ ફિશરે સાત અઠવાડિયાં માટે, ભારતમાં નિવાસ કરેલો, ગાંધીજી સાથે તેઓ રહેલા અને એમનું જીવનચરિત્ર પણ તેમણે સપ્રેમ લખેલું છે. એકવાર ગાંધીજી વિશે વાતચીત કરતાં તેમણે ગાંધીજીના રહસ્યમંત્રી શ્રી મહાદેવભાઇ દેસાઇને પ્રશ્ન કરેલો, "ગાંધીજીમાં આટલી બધી પ્રચંડ શક્તિ ક્યાંથી પ્રગટ થઇ છે?" તેના જવાબમાં મહાદેવભાઇ કહે છે, "એમનામાં વસ્તુમાત્ર, જીવનમાત્ર અને સમસ્ત માનવજાત માટે ઉત્કટ પ્રેમ છે. જેમાંથી પ્રચંડ કર્મશક્તિનો ધોધ, એમનામાંથી સતત સ્ફુર્યા કરે છે. વિશ્વમાનવતાની એ સગુણ સાકાર પ્રતિમૂર્તિ છે, જેને રૂંવે રૂંવેથી સત્યમય, સૌંદર્યમય અને માંગલ્યમય જીવનસાધના, ક્ષણે ક્ષણે પ્રગટ થાય છે! જેમને મન કોઇ પણ કર્મ નાનું કે મોટું અથવા ઊંચું કે નીચું નથી. બલ્કે જેઓ દરેક કર્મ કર્તવ્યભાવે સપ્રેમ કરે છે અને તેનું ફળ પ્રભુચરણે તે સમર્પિત કરી દે છે. પ્રભુનું નિમિત્ત, માધ્યમ, યા સાધન બનીને, તેઓ અનાસક્ત થઇને, પોતાને ભાગે આવેલું કર્તવ્યકર્મ નિષ્ઠાપૂર્વક કરે છે!" અસ્તુ.

# ૧૪ મો લીલાસંવરણદિન

સુરેશભાઇ શાહ-કેનેડા

૧૮ માર્ચ, ૧૯૮૪ ને રવિવારના રોજ મુંબઇના લક્ષ્મી-નારાયણ મંદિરમાં શ્રીમદ્ ભાગવતનું પ્રવચન કરતાં "જીવ જ્યાંથી આવે છે ત્યાં પાછો જાય છે." ત્યારે તેની જીવનયાત્રા પૂર્ણ થાય છે." આવા સૂચક અંતિમ ઉચ્ચારો સાથે મારા સદ્ગુરુદેવ પૂ. યોગેશ્વરજીએ પોતાની જીવનલીલા સંકેલી લીધી. આ મહાન-વિભૂતિએ દુનિયાને પ્રતીતિ કરાવી કે સ્થૂળ શરીર સિવાય પણ મહાપુરુષો સૂક્ષ્મ શરીરદ્વારા અનેક કાર્યો કરી શકે છે. પૂ. મા સર્વેશ્વરીનું જીવન અને કાર્ય તેની પ્રત્યક્ષ સાબિતી છે જાણે કે "મૃત્યુ મરી ગયું" છે.

ચૌદમા લીલાસંવરણદિને અંજલિ આપતાં, તેઓશ્રીના જીવનનું વિશ્લેષણ કરવાનું મન થાય તે સ્વાભાવિક છે.

* પૂર્વજન્મના સંસ્કારોની મૂડી સાથે દરેકજીવ પૃથ્વી ઉપર અવતરે છે અને ઓછાવત્તા અંશે જીવનું જીવન તેનાથી આલેખન પામે છે.

* સમય, સંજોગ, પરિસ્થિતિ અને આજુબાજુનું લૌકિક વાતાવરણ દૃઢ મનોબળવાળી વ્યક્તિને વિચલિત કરી શકતાં નથી.

* જીવનનું લક્ષ્ય નક્કી હોય તો અવિરત પુરુષાર્થથી તે સિદ્ધ થઇ શકે છે.



* પરમપિતા, પરમેશ્વરને સાચા હૃદયથી પ્રાર્થના કરવામાં આવે તો જીવનની મુશ્કેલીઓ, વિટંબણાઓ અને મૂંઝવણો દૂર થઇ શકે છે અને પરમાત્માનો અનુગ્રહ, માર્ગદર્શન પ્રાપ્ત કરી શકાય છે.

* બાળપણ જ સુસંસ્કારો માટેની ઉત્તમ અવસ્થા છે.

* યુવાનીમાં ધન, ધરા અને રમાથી મુક્ત રહેવા પ્રભુની જ પરમકૃપાની યાચના કરવી જોઇએ.

* શૈક્ષણિક લાયકાત માત્ર બુદ્ધિને પોષે છે જ્યારે આધ્યાત્મિકતા મન અને બુદ્ધિને સિંચે છે અને પરમાત્મા પ્રત્યે પ્રીતિ વધારે છે.

* નિયમિતતા, સહનશીલતા, નિખાલસતા, નિર્મળતા અને અપરિગ્રહતા જેવા સદ્ગુણો વિકસાવવા સતત જાગૃતિની અનિવાર્યપણે જરૂર છે.

* ધીરજ, ખંત અને ઉત્સાહ ઈશ્વરકૃપાને પ્રાપ્ત કરવા બીજ, જમીન અને વર્ષા જેવાં અને જેટલાં જ જરૂરી છે.

* પોતાનો આત્મા જ પ્રત્યેકનો સદ્ગુરુ છે. આત્માનો અવાજ ધીમો છે, નાજુક છે પણ તે કદી છેતરતો નથી.

* લેખન, વાંચન, નિદિધ્યાસન, નામસ્મરણનો સંબંધ દરેક પ્રામાણિક સાધક માટે અત્યંત આવશ્યક છે.

* સાદો પહેરવેશ, સરળ વ્યક્તિત્વ, પ્રખર પ્રભુપ્રત્યેની નિષ્ઠા એ પ્રભુ સમીપે પહોંચવાની પગદંડીના પ્રેરક અને સંચાલક બળો છે.

* શિસ્ત, સદાચાર અને સહિષ્ણુતાથી જ આધ્યાત્મિક જીવન સુવાસિત બને છે.

* ધીરજ, ગંભીરતા અને મિતભાષી વ્યક્તિત્વથી આધ્યાત્મિકતા દીપી ઊઠે છે.
* અનાસક્તભાવે કરેલ માતાની સેવા અને પરિવારની અદા કરેલી સાંસારિક જવાબદારીઓ આધ્યાત્મિક જીવનમાં બાધક બનતી નથી કે રૂકાવટ કરતી નથી.
* સમાજસેવા, દેશસેવા અને ધર્મની સેવા તેમ જ જન-સમુદાયની સેવા માટે જ આદર્શ સંતનું જીવન વ્યતિત થવું જોઈએ.

ટૂંકમાં આપનું જીવન જ આપનું કવન છે. હિમાલય જેવી નીડરતા, ગંગા જેવી પવિત્રતા, સાગર જેવી વિશાળતા, સરિતા-સમી કર્તવ્યપરાયણતા, સૂર્ય જેવી ગરિમા, ચંદ્ર જેવી શીતળતા અને ઉપવન જેવી શુશોભિતાથી આપ જીવ્યા અને જીવનના અંતિમ શ્વાસ સુધી મા જગદંબાના કૃપાપાત્ર રહ્યા તે અમારા સૌના માટે ગૌરવની વાત છે. આપને પામીને અમે ધન્ય બન્યા છીએ. પૃથ્વી ઉપર પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું અવતરણ કરાવી આપે આ સૃષ્ટિને મહિમાવંતી કરી છે.

ધન્ય ધન્ય ગુરુદેવપ્રભુ, તમે અમને સાથે રાખ્યા. સાન્નિધ્ય આપ્યું, અમારું આ સંવેદનશીલ હૃદય હરહંમેશ આપની કૃપા અને અનુગ્રહ માટે ચાતકની જેમ આપનાં કૃપાબિંદુઓ માટે આતુર રહેશે.

સરોડાનંદન, સાબરમતીના સંત, મસૂરીના મહાત્મા અને દેવપ્રયાગના દેવર્ષિને સર્વે સાધકોના કોટિ પ્રણામ.

**ભારતમાં લીલા સંવરણદિન ઉજવાયો**

અમદાવાદ, રાજકોટ, ભાવનગર, સુરત, ઝણોર, મોરબી, મુંબઈ, વડોદરા વગેરે શહેરોમાં શ્રી યોગેશ્વર પરિવારના સભ્યોએ



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો ચૌદમો લીલાસંવરણદિન તેઓનાં તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરીના સ્વરૂપોની વિધિપૂર્વકની પૂજા, અર્ચના અને સ્તુતિઓ તેમ જ ભજન-ધૂનના કાર્યક્રમોથી ઉજવ્યો.

આ ઉપરાંત પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના જીવનની સાધનાત્મક ઘટનાઓમાંથી પ્રેરણા મેળવી, જીવનને તેઓની અપેક્ષા પ્રમાણે આધ્યાત્મિક પ્રગતિ કેમ સાધી શકાય, તે માટેની તેઓની તેમ જ પૂ. મા સર્વેશ્વરીની દિવ્ય વાણી પણ સાંભળી.

એવી પણ એક ભાવના સર્વ સાધકોની રહી કે પૂ. મા હવે વેળાસર ભારત પધારે તો સારું. તે માટે સહુએ સમૂહમાં પ્રાર્થના પણ કરી.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭

ફોન : ૬૬૮૨૩૧

# કર્મનો અટલ સિદ્ધાંત

હીરાભાઈ ઠક્કર

દુનિયામાં દરેક ડિપાર્ટમેન્ટને ચલાવવાના અને નિયંત્રણમાં રાખવાના કાયદા ઘડાયેલા હોય છે. પોલીસ ખાતા માટે પોલીસ મેન્યુઅલ હોય છે. પી. ડબલ્યુ. ડી. ખાતા માટે તેનું મેન્યુઅલ હોય છે. ન્યાય માટે ઇન્ડિયન પીનલ કોડ હોય છે. રેવન્યુ ખાતા માટે લેન્ડ રેવન્યુ કોડ અને રૂલ્સ હોય છે. રેલવે ખાતાના પણ કડક કાયદા ઘડેલા છે. તેવી જ રીતે આખી સૃષ્ટિના અને અનેક બ્રહ્માંડોના સંચાલન માટે પણ, જેમ કે સૂર્ય નિયમિત ઊગે અને આથમે, પૃથ્વી, તારા, નક્ષત્રો નિયમિત ગતિ કરે, વરસાદ નિયમિત ચોમાસામાં વરસે, જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય વ્યવસ્થિત રીતે થાય વગેરે સંચાલન માટે પણ, અને તે સુવ્યવસ્થિત ચાલે તેને માટેનો પણ કાયદો છે અને તે "કર્મનો કાયદો" છે.

ગોસ્વામી તુલસીદાસજી રામાયણમાં લખે છે કેઃ–

કર્મ પ્રધાન વિશ્વ કરિ રાખા,<br>
જો જસ કરઇ સો તસ ફલ ચાખા.

આ આખું વિશ્વ કર્મના કાયદાના આધારે બરાબર વ્યવસ્થિત રીતે ચાલે છે. અને તેમાં જરા પણ ગડબડ નથી.

આ કર્મના કાયદાની એક ખાસ ખૂબી છે. દુનિયાના તમામ કાયદાઓમાં કાંઇનો કાંઇ અપવાદ exception to the Rule, Proviso વગેરે હોય છે. પરંતુ કર્મના કાયદામાં કોઇ પણ ઠેકાણે જરા પણ અપવાદ કે બાંધછોડ નથી. ખુદ ભગવાન રામના બાપ



થતા હોય તોપણ રાજા દશરથને કર્મના નિયમ પ્રમાણે પુત્રના વિરહથી મૃત્યુને ભેટવું પડયું તેમાં ખુદ ભગવાન રામ પણ એમ ના કહી શકે કે રાજા દશરથ મારા બાપ થતા હોવાથી કાયદામાં થોડી બાંધછોડ કરીને અપવાદરૂપે હું તેમને ૧૪ વરસનું extension આપીશ. નિર્ગુણ નિરાકાર શુદ્ધ બ્રહ્મ પણ જ્યારે સગુણ સાકાર બનીને દેહ ધારણ કરીને પૃથ્વી ઉપર પધારે છે ત્યારે તેમને પણ આ કર્મના કાયદાનું ચુસ્ત રીતે પાલન કરવું પડે છે. કર્મના કાયદામાં ક્યાંય દેર પણ નથી, અને અંધેર પણ નથી. જરા પણ બાંધછોડ કે લાગવગશાહી નથી. કોઇ અપવાદ નથી. એ આ કાયદાની ખાસ ખૂબી છે. હવે આ કર્મના કાયદાને ઊઘાડીને વાંચીએ.

### કર્મ એટલે શું?

સાદી સરલભાષામાં ટૂંકમાં કર્મની વ્યાખ્યા કરીએ તો કર્મ એટલે ક્રિયા. આપણે જે કોઇ કામ (ક્રિયા) કરીએ છીએ તે કર્મ કહેવાય. ખાવું–પીવું, ન્હાવું–ધોવું, ચાલવું, ઊભા રહેવું, નોકરી કરવી, ધંધો કરવો, વિચારવું–ના વિચારવું, વેપાર કરવો, ઊંઘવું–જાગવું, જોવું–સાંભળવું–ના સાંભળવું, સૂંઘવું–ના સૂંઘવું, સ્પર્શ–અસ્પર્શ, બોલવું–શ્વાસોચ્છ્વાસ લેવા–મૂકવા, જન્મવું, જીવવું–મરવું ઈત્યાદિક શારીરિક અને માનસિક ક્રિયાને કર્મ કહેવાય છે.

આ કર્મના મુખ્યત્વે ત્રણ ભાગ છે :

(૧) ક્રિયમાણ કર્મ. (૨) સંચિત કર્મ. (૩) પ્રારબ્ધ કર્મ.

### ક્રિયમાણ કર્મ

માણસ સવારે જાગે અને ઊઠે ત્યારથી રાત્રે સૂઇ જાય ત્યાંસુધી જે જે કર્મ કરે તે ક્રિયમાણ કર્મ કહેવાય. સવારથી સાંજ

સુધી, સોમવારથી રવિવાર સુધી, પહેલી તારીખથી છેલ્લી તારીખ સુધી, માણસ જે જે કર્મ કરે તે તમામ ક્રિયમાણ કર્મ કહેવાય. આવાં જે જે ક્રિયમાણ કર્મ કરે તે અવશ્ય ફળ આપે, પછી જ શાંત થાય. ફળ આપ્યા સિવાય શાંત થાય નહિ. ક્રિયમાણ કર્મને ફળ આપ્યે જ છૂટકો. ફળ ભોગવ્યે જ છૂટકો. દાખલા તરીકે, તમને તરસ લાગી, તમે પાણી પીધું. પાણી પીવાનું કર્મ કર્યું–તરસ મટી ગઇ કર્મ ફળ આપીને શાંત થઇ ગયું. તમે ખાધું, ખાવાનું કર્મ કર્યું, ભૂખ મટી ગઇ, કર્મ ફળ આપીને શાંત થઇ ગયું. તમે નાહ્યા, ન્હાવાનું કર્મ કર્યું, શરીર શુદ્ધ થઇ ગયું, કર્મનું ફળ મળી ગયું, કર્મ ફળ આપીને શાંત થઇ ગયું. તમે કોઇને ગાળ દીધી, તેણે તમને લાફો માર્યો, કર્મનું ફળ મળી ગયું, કર્મ ફળ આપીને શાંત થઇ ગયું. આવી રીતે તમામ ક્રિયમાણ કર્મને ફળ બાઝે જ અને તે ફળ ભોગવાવીને જ શાંત થાય.

### સંચિત કર્મ

પરંતુ કેટલાંક ક્રિયમાણ કર્મ એવાં હોય છે કે તે કર્મ કરતાંની સાથે તાત્કાલિક ફળ આપતાં નથી. તેનું ફળ મળતાં વાર લાગે છે. તે કર્મના ફળને પાકતાં વાર લાગે છે. ત્યાંસુધી સીલકમાં જમા રહે, સંચિત થાય, તેને સંચિત કર્મ કહેવાય. દાખલા તરીકે, તમે આજે પરીક્ષાનું પેપર લખ્યું–મહિના પછી તેનું પરિણામ બહાર પડે. તમે સવારે રેચ લીધો, ચાર કલાક પછી બપોરે તમને રેચ લાગે. તમે આજે કોઇને ગાળ દીધી–દશ દિવસ પછી લાગ જોઇને તે તમને લાફો મારી જાય. તમે તમારી જુવાનીમાં તમારાં માબાપને દુઃખી કર્યાં–તમને તમારો દીકરો તમારી વૃદ્ધાવસ્થામાં દુઃખી કરે. તમે આ જન્મમાં સંગીતની વિદ્યાની ઉપાસના માટે મહેનત કરી, આવતા જન્મમાં નાનપણથી જ તમે સારું સંગીત



ગાઇ શકો. એમ કેટલાંક ક્રિયમાણ કર્મો તાત્કાલિક ફળ નથી આપતાં, પરંતુ કાળે કરીને પાકે ત્યારે ફળ આપે. ત્યાંસુધી તે સંચિત કર્મમાં જમા પડયાં રહે. બાજરી નેવું દિવસે પાકે, ઘઉં ૧૨૦ દિવસે પાકે. આંબો પાંચ વર્ષે ફળ આપે, રાયણ દસ વર્ષે ફળ આપે. જે જાતનાં ક્રિયમાણ કર્મનાં બીજ તે પ્રકારે તેને ફળતાં ઓછી–વત્તી વાર લાગે. આવાં અનેક સંચિત કર્મો જીવની પાછળ પડયાં છે. દાખલા તરીકે, આજે આખા દિવસમાં ધારો કે તમે ૧૦૦૦ ક્રિયમાણ કર્મ કર્યાં. તેમાંથી ૯૦૦ ક્રિયમાણ કર્મો તો એવાં હોય કે જે તાત્કાલિક ફળ આપીને તુર્ત જ શાંત થઇ જાય છે. પરંતુ ૧૦૦ કર્મ સંચિત થયાં, આવતી કાલે બીજાં ૧૨૫ કર્મ સંચિત જમા થાય, પરમ દિવસે તેમાંથી ૧૭૫ કર્મ ફળે–વપરાય અને શાંત થાય અને ચોથે દિવસે વળી બીજાં ૮૦ કર્મ સંચિતમાં જમા થાય. એ પ્રમાણે ભરઢોળ કરતાં કરતાં અઠવાડિયાના અંતે ધારો કે ૩૦૦ સંચિત કર્મ અને મહિનાની આખરે ૧૧૦૦ કર્મ સંચિત થાય અને વર્ષની આખરે ૧૪૦૦૦ કર્મ સિંચિત જમા થાય. અને જીવનના અંતે ધારો કે આઠ લાખ કર્મ સંચિત થાય–બીજા જન્મમાં પાછાં બીજાં સાત લાખ કર્મ સંચિત થાય. તે પ્રમાણે અનાદિકાળથી અનેક જન્મોનાં અસંખ્ય સંચિત કર્મોના ઢગલા, અસંખ્ય કરોડો હિમાલય પર્વત ભરાય તેટલાં સંચિત કર્મોના ઢગલા–જીવની પાછળ જમા થયેલા પડેલા છે. આ તમામ સંચિત કર્મો આ જન્મે અગર તો હવે પછીના અંતકાળ સુધીના અનેક જન્મોમાં ગમે ત્યારે પાકે અને તમે તે કર્મોને ભોગવો ત્યાર પછી જ તે શાંત થાય, ત્યાંસુધી શાંત થાય નહીં. જીવ જો સાવધાનીથી ગંભીરતાપૂર્વક આની કલ્પના કરે તો ધ્રૂજી ઊઠે. પરંતુ અવિદ્યાથી ઘેરાયેલો જીવ આની કદાપિ કલ્પના કરતો જ નથી.

રાજા દશરથે શ્રવણનો વધ કર્યો ત્યારે તેના વિરહથી મરતે મરતે તેનાં માબાપે રાજા દશરથને શાપ દીધો કે તારું મૃત્યુ પણ તારા પુત્રના વિરહથી થશે. પરંતુ રાજા દશરથનું આ ક્રિયમાણ કર્મ તાત્કાલિક ફળ કેવી રીતે આપી શકે? કારણ કે તે વખતે રાજાને એક પણ પુત્ર થયો નહોતો. એટલે આ ક્રિયમાણ કર્મ ફળ આપીને શાંત થઇ શક્યું નહીં. પરંતુ તે સંચિત કર્મમાં જમા થયું. કાળે કરીને જ્યારે રાજાને એકને બદલે ચાર પુત્ર થયા—તે મોટા થયા, પરણ્યા અને જ્યારે રામના રાજ્યાભિષેકનો દિવસ આવ્યો તે વખતે પેલું સંચિત કર્મ ફળ આપવા તત્પર થયું અને આવા શુભ દિવસે પણ દશરથ રાજાને મૃત્યુનું ફળ પ્રાપ્ત કરાવીને જ શાંત થયું. તેમાં ઘડીભરનો પણ વિલંબ ચલાવી લેવાય નહીં. ખુદ રામ ભગવાન રામ પણ તેમના પોતાના પિતાને ઓછામાં ઓછાં ૧૪ વર્ષ પૂરતું પણ જીવતદાન આપી શક્યા નહીં. (extension આપ્યું નહીં). તેમની પણ લાગવગ કે શેહશરમ કાળની આગળ નભી શકી નહીં. જે શુદ્ધ ચૈતન્ય પરાત્પર બ્રહ્મ પોતે સગુણ સાકાર સ્વરૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર પધાર્યાં તે રામ, જેમના ચરણની રજના સ્પર્શમાત્રથી જે શલ્યાની અહલ્યા બનાવી શકે—જેના ચરણ રજના સ્પર્શમાત્રથી પથ્થરને જીવતદાન મળી શકે—તે પરાત્પર બ્રહ્મ ભગવાન શ્રીરામ પોતાના પિતાનું આયુષ્ય ૧૪ વરસ માટે લંબાવી આપે, extension આપે તો તેમાં કોણ વાંધો દેવાનું હતું, અને શું વાંધો પડી જવાનો હતો? પણ ના. કાયદાનું ચુસ્ત પાલન કરવામાં કોઇ લાગવગશાહી ચાલે જ નહિ. એટલે ખુદાકે ઘર અંધેર નહીં હૈ એટલું જ નહીં પણ દેર ભી નહીં હૈ. તેવો કર્મનો જડબેસલાક કાયદો છે.

રાજા ધૃતરાષ્ટ્રના ૧૦૦ પુત્રો એકસામટા મરી ગયા ત્યારે રાજાએ ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યું કે મારા જીવનમાં મેં કોઇ



વાર એવું ભયંકર પાપ કર્યું નથી કે જેના ફળ સ્વરૂપે મારા એકસામટા ૧૦૦ પુત્રો મરી જાય. ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેને તેના પાછલા જન્મો જોઇ જવા માટે દિવ્ય દૃષ્ટિ આપી. ત્યારે તેણે જોયું કે આશરે ૫૦ જન્મ પહેલાં તે એક પારધી હતો અને એક વૃક્ષ ઉપર બેઠેલાં પક્ષીઓને પકડવા તેણે સળગતી જાળ તે વૃક્ષ ઉપર નાંખી. તેમાંથી બચવા કેટલાંક પક્ષીઓ ઊડી ગયાં, પરંતુ તે સળગતી જાળની ગરમીથી તેઓ આંધળાં થઇ ગાયં અને બાકી-નાં ૧૦૦ નાનાં પક્ષીઓ બળીને ખાક થઇ ગયાં. આ ક્રિયમાણ કર્મ ૫૦ જન્મ સુધી સંચિત કર્મમાં પાક્યા વગર પડી રહ્યું અને જ્યારે રાજાની બીજી સઘળી પુણ્યાઇના પરિણામે તેને આ જન્મમાં ૧૦૦ પુત્રો થયા ત્યારે તે સંચિત કર્મ ફળ આપવા તત્પર થયું અને તેથી તેને આ જીવનમાં અંધાપો આવ્યો અને તેના ૧૦૦ પુત્રો પણ મર્યાં. ૫૦ જન્મ પછી પણ તેના ક્રિયમાણ કર્મે તેનો છાલ છોડયો નહીં. ૧૦૦ પુત્રો પ્રાપ્ત થાય તેટલી પુણ્યાઇ પેદા થાય ત્યાંસુધી તે કર્મ રાહ જોઇને બેસી રહ્યું. સંચિત કર્મમાં જમા પડી રહ્યું અને બરાબર લાગ આવ્યો તે વખતે તે તત્કાલ, જરા પણ વિલંબ વગર, ફળ આપીને શાંત થયું. ખુદાકે ઘર અંધેર નહીં હૈ ઔર દેર ભી નહીં હૈ.

કોઇ માણસની પાસેથી તમે પાંચસો રૂપિયા માગતા હો અને તે તમને ના આપે તો તમે દીવાની કોર્ટમાં દાવો કરો તો કોર્ટ તેની સામે રૂ. ૫૦૦ વસુલ કરવાનું હુકમનામું કરી આપે અને બેલીફ વોરંટ બજાવવા જાય, પરંતુ કરજદાર પાસે બિલકુલ પૈસા હોય જ નહીં તો બેલીફ હુકમનામાનું વોરંટ બજાવીને વસુલાત કરી શકે નહીં. થોડાં વર્ષ પછી પેલો કરજદાર કાંઇક બીજા ધંધા કરીને હજારેક રૂપિયા કમાઇ લે કે તરત જ બેલીફ હુકમનામાનું વોરંટ

બજાવીને તેની પાસેથી પાંચસો રૂપિયા વસુલ કરી જ લે, છોડે નહીં. બસ એ જ રીતે ક્રિયમાણ કર્મનું ફળ કદાચ તાત્કાલિક ન અપાવી શકાય તો તેવાં કર્મ સંચિત કર્મમાં જમા પડી રહે અને ભવિષ્યમાં જ્યારે બરાબર લાગ આવે તે વખતે તે પાકે અને ફળ અપાવીને જ શાંત થાય.

આ પ્રમાણે ક્રિયમાણ કર્મ જે ફળ આપીને શાંત થયાં નથી તે સંચિત કર્મ કહેવાય.

### પ્રારબ્ધ કર્મ

સંચિત કર્મ પાકીને ફળ આપવાને તૈયાર થાય તેને 'પ્રારબ્ધ કર્મ' કહેવાય.

અનાદિકાળથી અનેક જન્મજન્માંતરના સંચિત કર્મોના અસંખ્ય કરોડો હિમાલયો ભરાય તેટલા ઢગલા જીવનની પાછળ જમા થયેલા પડયા છે તેમાંથી જે સંચિત કર્મો પાકીને ફળ આપવા તૈયાર થાય તેવાં પ્રારબ્ધ કર્મોને ભોગવવાને અનુરૂપ શરીર જીવને પ્રાપ્ત થાય અને તે શરીરકાળ દરમ્યાન તે પ્રમાણે પ્રારબ્ધ કર્મ ભોગવ્યા પછી જ દેહ પડે. પ્રારબ્ધ કર્મને ભોગવવા અનુરૂપ દેહ, આરોગ્ય-સ્ત્રી, પુત્રાદિક, સુખ-દુઃખ વગેરે તે જીવનકાળ દરમ્યાન જીવને આવી મળે અને તે પ્રારબ્ધ કર્મ પૂરેપૂરાં ભોગવ્યા સિવાય દેહનો છૂટકારો થાય નહીં.

ઘડપણમાં લકવો થાય અને દસ વરસ સુધી ખાટલામાં પડયાં પડયાં ગંધાય અને 'હે ભગવાન! હવે મારો ક્યારે છૂટકારો થશે, મારું પાનિયું ક્યારે નીકળશે.' એમ અનેક વાર બકવાસ કર્યા કરે તોપણ જ્યાંસુધી પૂરેપૂરાં પ્રારબ્ધ કર્મ ભોગવી રહે નહીં ત્યાંસુધી એ દેહ છૂટે નહીં. અને પ્રારબ્ધ કર્મ ભોગવીને સમાપ્ત થયા પછી



છોકરો મોઢામાં પાણી રેડે તો નાકે થઈને નીકળી જાય, પરંતુ એક ટીપું પાણી પીવા કે એક પણ વધારાનો શ્વાસ લેવા જીવ ઊભો ના રહે. દેહ તરત જ છૂટી જાય, અને પછી જે બીજાં સંચિત કર્મો પાકીને ફળ ભોગવવાને અનુરૂપ એવો બીજો દેહ જીવ ધારણ કરે અને તેને અનુરૂપ માતા, પિતા, સ્ત્રી, પુત્રાદિક તેને મળે અને તે જીવનકાળ દરમિયાન તે જીવનમાં ભોગવવાનાં તમામ પ્રારબ્ધ કર્મો ભોગવીને જ દેહ છૂટે. એમ જીવ વારંવાર જન્મ-મરણના ચક્કરમાં ભમ્યા કરે છે.

અને અનાદિકાળથી અનેક જન્મ-જન્માંતરનાં જમા થયેલ સંચિત કર્મો પાકીને ફળ આપવા પ્રારબ્ધરૂપે તૈયાર થતાં જાય તેમ તે અનંતકાળ સુધી બંદા જુદા દેહ ધારણ કરતો જ રહે અને જ્યાંસુધી દેહ ધારણ કરવા પડે ત્યાંસુધી તેનો મોક્ષ થયેલો ના ગણાય. એ હિસાબે શ્રી શંકરાચાર્ય કહે છે તેમ-

પુનરપિ જનનં પુનરપિ મરણં,
પુનરપિ જનનિ જઠરે શયનં,
ઈહ સંસારે ખલુ દુસ્તારે।

અનેક યોનિઓમાં જીવ ભટક્યા જ કરે છે, ભટક્યા જ કરે. નવાં ક્રિયમાણ કર્મો કર્યાં જ કરે. તેમાંથી અનેક સંચિત કર્મો જમા થયા જ કરે. તે કાળે કરીને પાકીને ફળ આપવા તૈયાર થઈને પ્રારબ્ધરૂપે જીવની સામે આવીને ઊભાં જ રહે અને અનંતકાળ સુધી જીવનો મોક્ષ થવા દે જ નહીં એટલે સંસાર-સાગર દુસ્તર ગણાયો છે.

## સુવાક્ય

યોગની સાધનાની મદદથી ઈશ્વરનાં સાકાર દર્શનની ઇચ્છા જરૂર પૂરી થઈ શકે, પરંતુ શરત એટલી જ છે કે તેને માટે ભક્તનું હૃદય હોવું જોઈએ, અથવા તો ભક્તિયોગનો આધાર લેવો જોઈએ. ઈશ્વરનું સાકાર દર્શન જાગૃતિમાં તથા સમાધિદશામાં બંને પ્રકાર થઈ શકે છે. કિન્તુ યોગની સાધનાથી ખાસ કરીને સમાધિ દશામાં જ એવું દર્શન થઈ શકે.

યોગેશ્વરજી


સૌજન્યથી :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડો. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩




# શ્રીગંગાલહરી


સંસ્કૃતમાં : પંડિત જગન્નાથ
ભાવાનુવાદ : શ્રી પરમાર્થી


(છંદ : મિશ્રોપજાતિ)

૧

અખંડ વ્હેતુ જલ છે પવિત્ર
સમૃદ્ધ સૌભાગ્ય વસુંધરાનુ !
સર્વસ્વ સર્વે શ્રુતિનું અનંત
ઐશ્વર્ય તું શંકરની લીલાનું !
સ્વરૂપ પુણ્યોતણું મૂર્તિમંત,
પાપો તણો મા અવ આણ અંત !

૨

સુદર્શને નષ્ટ થતી દરિદ્રતા,
તરુ અવિદ્યાતણું છેદનારો !
દુર્વાસના અંતરકેરી ધોતો
ગુરુ સમો શુદ્ધ પ્રવાહ ન્યારો !
ભક્તોતણું મંગલ એક ધ્યાન,
કલ્યાણનું મા કરી દો પ્રદાન !

૩

જલી ઊઠયું અંતર પાર્વતીનું
પેખી તને મસ્તકની જટામાં !

મોઢું કટાણુ નિરખી તરંગો
ઊંચા અનેરા ઉછળ્યા, જનેતા
દીધો મચાવી ખખડાટ ભારી!
ભક્તોતણા સૌ દુરિતો નિવારી!

૪

પુણ્યો કદીના કરનાર યે જો
અચિંત્ય તારી સ્મૃતિમાં ડૂબે તો
મયંકબિંબે તમ નાશ તેમ
સૌ વાસના નષ્ટ થતી ઉરે તો!
કરે સુરો સેવન વારિ તારાં,
હરો ત્રિતાપો જનની અમારા!

૫

મા આશ્રયે મેં તવ ગર્વથી સૌ
કરી અવજ્ઞા સુરની અતિશ!
મારી હવે જો કરશો ઉપેક્ષા
કોના ઉછંગે ઉર ઠાલવીશ?
ત્રિતાપને સંતત ઠારનારો
નોધારનો મા બસતું સહારો!

૬

સમૃદ્ધ રાજ્યો ત્યજી સેવનારા
મા પુણ્યશાળી તટ છે અનન્ય!
પાણી સુધાથી મધુરું વિશેષે
પી તૃપ્ત થાતાં સહુ ભક્ત ધન્ય!



ભૂલી જતાં મા સહુ સ્વર્ગ, મુક્તિ:
આનંદની સંતત શ્રેષ્ઠ ભુક્તિ!

૭

કસ્તૂરી કેવી મૃગ સ્પર્શ પામે
ધોવાઇ આવે સ્તનથી પ્રવાહે!
મૃગો વિમાને થઇ હર્ષ ઘેલાં
પ્રવેશતાં નંદનબાગમાંહે!
તટસ્થ ભાવે સુરવૃંદ સોહે!
તારે તટે મા મન સર્વ મોહે!

૮

તારું અહો નામ પવિત્ર માડી
લેતા થતું અંતર શાંત સ્વસ્થ!
પાંચે મહાપાપ ટળે નહીં તે
ટળી જતાં મા સ્મરણે તુરંત!
મા નામ ગંગા મધુ નિત્ય મારે
હૈયે રમો પ્રાણ પ્રયાણ કાળે!

૯

હે માત તારાં જલમાં ભીંજાતા
સૌ કાકટોળાં વિસરે જવાનું
સ્વર્ગે અહો ઇન્દ્રપુરી પ્રમોદે!
સંતોષથી તૃપ્ત મળે ન બ્હાનુ!
તીરે રહી રાગ સદા ગવાતો
સંસારકેરો શ્રમ શાન્ત થાતો!

૧૦

વિશુદ્ધ હે મા કદિ તત્ત્વ વેદો
જાણી શક્યાના શું સ્વરૂપ તારું!
તું તો નિરાકાર, અકથ્ય એવું
સદૈવ વાણીથકી છે નિરાળું!
અંધારને નિત્ય હટાવનારું,
ભક્તો તણે ઉર જણાય ન્યારું!

૧૧

ન ધ્યાન કે તીવ્ર તપે અલભ્ય
જે પાદપદ્મો ભગવાન વિષ્ણુનાં
સુલભ્ય કીધાં વિણ પક્ષપાતે
હે માત તેં તો હિતમાં સહુના!
દાનેશ્વરી તું જનની મહાન!
કદી ન તારી ઉપમા જડે ન!

૧૨

સંસાર કેરો ભય દૃષ્ટિમાત્રે
સદા હરંતી કરુણામયી મા!
તારાં ગુણો શંકરના સિવાય
સન્માનવા કોણ સમર્થ છે મા?
દ્વેષે જલંતી ગિરિજા છતાંયે
ધારે તને મસ્તકપે સદાયે!

૧૩

નિંદે સદા પાગલ પાપકર્મો,
જેથી રહે દૂર વળી પોતે તો!



દુષ્ટો ય જેનું નહિ નામ લેતા,
સંતાડતા મ્હોં ડરપોક લોકો!
પરંતુ મા તે હરતી તું પાપો,
વિના વિલંબે શમતા વિલાપો!

૧૪

ઉદ્ધારવા જાવ અનેક સ્વર્ગથી
કૂદી પડયા ભૂતલપે તમે મા!
ત્યારે ન વાગે ત્યમ ઝીલી લીધાં
સ્વયં પ્રભુએ શિરની જટામાં!
સ્વર્ગીય છોડી સુખ મેલધોવા
આવ્યાં દુઃખીનાં નિત આંસુ લ્હોવા!

૧૫

ગ્રહોથકી પીડિત ભૂતપ્રેતથી
તિરસ્કૃતો દેવજનોથી છેક;
અપંગ, બ્હેરા, મૂક જીવના
છો મા તમે તારણહાર એક!
સૌ રોગનું ઔષધ એકમાત્ર તું,
નિરાશ્રિતોનો નિત આશરો તું!

૧૬

સ્વભાવથી સ્વચ્છ અવર્ણનીય
તારો જનેતા મહિમા અપાર!
સ્વર્ગે યશોગાન સદૈવ ગાતા
કુમાર સૌ સાગરના હજાર!
તારી કૃપાથી તન સંપદાયે
સંપન્ન સર્વે સુખી સર્વદાયે!

(ક્રમશઃ)

## * મન ! જાગ રે *

જાગ, જાગ, મન! જાગ રે!
ક્ષર–તડાગને સત્વર છાંડી,
અ–ક્ષર–ઉદધિ તાગ રે.
જાગ, જાગ, મન! જાગ રે!

ઈન્દ્રિય – ગ્રામ – કર્ષણ – કર્દમમાં
વંધ્ય કશો અનુરાગ રે!
સુખનાં મૃગજળ ભવ–રણ–ભ્રમણે
ખેલે ઠાલા ફાગ રે!
જાગ, જાગ, મન! જાગ રે!

શ્રેય–પ્રેયનો વિવેક માંડી,
ખીલવ જીવન–બાગ રે,
પ્રેય–વિરાગે, શ્રેય–અનુરાગે
પૂર્ણ બને શુભ યાગ રે.
જાગ, જાગ, મન! જાગ રે!

ક્ષર–તડાગને સત્વર ત્યાગી,
અક્ષર–ઉદધિ તાગ રે.
જાગ, જાગ, મન! જાગ રે!

— ડૉ. રણજિત પટેલ (અનામી)



# Love–Light for Humanity

**Dada Vaswani**

[An interview with the Newstime–S daily newspaper in Hyderabad]

**Hyderabad** : "It is not disease that kills people, but tensions which lead to 'internal combustion'. The only remedy for dissolving tensions is service to the less fortunate ones with love," according to Dada J. P. Vaswani, torch–bearer of the 31–year–old Sadhu Vaswani Mission.

The spiritual head of the Pune–based Mission, which has 18 centres within the country and 22 abroad, shared his perceptions on problems facing the modem man in an interview to 'Newstime' during his recent visit to the city.

Dada Vaswani, who calls himself 'a labourer in the vineyard of the Lord', is held in reverence by most of the Sindhi population and others. The utterances of Dada, who calls himself a 'learner' and considers the day on

which he has not learnt something as 'lost', are delivered with perspicuity in a captivating voice. Born in the Sind Province of Pakistan in 1918, Dada Vaswani passed his M.Sc. and migrated to India with his uncle and 'Guru' Sadhu Vaswani–whose birthday, November 25 is observed as 'Meatless Day' in the country.

The 79–year–old head of Sadhu Vaswani Mission which is engaged in spiritual, social and humanitarian activities, is a protagonist of vegetarianism. He says: "The more I think of it, the more I feel that vegetarianism and world peace go together. As long as animals are slain to provide meat for man, so long we will not see peace on the face of earth. If a man kills an animal for food, he will not hesitate in killing a fellow–man, whom he considers his enemy, the root cause of world wars is irreverence for life."

According to him, human development should not threaten the integrity of nature or survival of other species. "Because," Dada Vaswani explains, "among all the creatures on earth, the human being is the only one who has been granted the capacity to interfere



with the ecological balance. Human beings, therefore, have a special responsibility to see that the ecological balance is not disturbed, that life in all its integrity and diversity is preserved and all destruction is avoided. To destroy nature, is to destroy mankind."

**Excerpts from the interview:–**

**What is your philosophy?**

My philosophy is simple. It is the philosophy of acceptence.Accept everything that comes to you as a gift from God. There is a meaning of mercy in everything that happens. God is all love. God is wisdom. Experiences come to us as calamities, illnesses, adversities and in other forms. But, behind them all is the divine hand at work. So there is mercy in everything that happens. Therefore, accept, rejoice and look forward.

**How is it different from the Vedantic philosophy?**

It is just one fragment of the Vedantic philosophy. It points to the concept of truth. It covers a larger sphere of humanity. It is based on this broader spectrum.

**What is democracy and freedom?**

The emphasis today is on forms of government, constitution and political machinery. But there is something greater, something truly vitalising. It is the vision of the one life in all. Out of this vision grows true humanism and democracies. Modern democracies have produced great leaders– great in organisation, rich in resource and in their power over the minds of the masses. But more than leaders, more than organisers, the world today needs men of true spiritual culture, men of understanding hearts, seers, sages, pathfinders, way–showers, light–bringers, torchbearers and apostles of the Ancient way.

**What does tension mean to you?**

There are social, political, personal and all kinds of tensions. Life today in full of tensions. We are living in an excited and agitated age. These tensions keep on accumulating on the minds, until one day they burst forth into one physical ailment or the other. People do not die of diseases. They die of internal combustion. This is perfectly true today. The remedy is, leave everything to God. People must



spend themselves in the service of the less fortunate ones. The measure in which you render help to others leads to dissolution of your tensions.

**Tell us about your 'Guru'**

My Guru, a wonderful soul, very learned, brought me to this path. When I was young, his shining eyes attracted me. It is my Master's love which drove me to this path. I was studying in college with my own ambitions and dreams. I was preparing for the ICS examination. All these dreams were shattered and crumbled when I met my Master and looked into his eyes. His love drew me to this path spontaneously, naturally and effortlessly.

**Why do you say Your dreams were 'shattered'? Wasn't it a natural experience?**

I (laughs) had worldly dreams and ambitions. I was in search of truth. As I said, I was in college when I met my Guru. I was 15 when I found something happening to me. Then I decided to come out of this worldly ambitions and dreams. This is because my Guru led me to this path. This transformation

is a mystical experience. That is why, I said, it is 'shattering' of my worldly experiences.

**What is your concept of time?**

Mahatma Gandhi said that if you have to be truthful, you have to be punctual. If you are a devotee of truth, you must be very punctual and stick to time. If I am five minutes late, I have not only wasted my five minutes, but five minutes of many people.

**(Interrupting) How about the philosophical sense of time and space?**

Both time and space are conceptions of the mind. The soul has no limitations of time and space. It transcends both. So long as we are embodied creatures, we are bound by these two factors–time and space. 'Where did it happen?' and 'What time did it happen?' are the conceptions of the mind with no absolute value. This is the greatest contribution of Einstein to the world of thought.

**What are your beliefs?**

Basically, I believe in fellowship with all creations. The creation of God is bound by golden chains to the feet of the One God–the one divine father of all. At His Lotus Feet, we are all one–men of different religions and no



religion. No one is alien in the Kingdom of God. All sectarian strife and quarrels in the name of religion are due to lack of understanding. I belong to no sect. My faith is to worship one Mystery and to do good to all.

**What do you say about world and nations?**

Unrest in the world is deepening. Today nations are wandering in jungles of darkness. Humanity is standing at the crossroads. Humanity is shedding tears, while her children are busy manufacturing weapons of death and destruction. Humanity is an orphan crying in the night for the light. And, there is one light: it is the light of love. This is love–in–action. We have arrived at a stage where both nations and individuals must either love one another or perish. There is no choice.

**What is your message?**

The message I would like to pass on is, in the words of my beloved Master and Mentor, who said of religion, "let us talk of it less and practise more!"

**(East & west Series–April, 1997)**

પોલ બ્રન્ટનની ભગવાન રમણ મહર્ષિની

# મુલાકાતની પૂર્વભૂમિકા–(૩)

મૂળ લેખક : પોલ બ્રન્ટન
અનુવાદક : યોગેશ્વર

તાડવૃક્ષોથી વીંટળાયેલા મુખ્ય માર્ગ પરથી પસાર થઇને અમે ચીંગલપટમાં પ્રવેશ કર્યો. શહેર ધોળેલાં મકાનોના, એકમેકની નજીકમાં આવેલાં લાલ છાપરાંના અને સાંકડી શેરીઓના સમૂહ જેવું હતું. અમે નીચે ઊતરીને વિશાળ લોકસમુદાય એકઠો થયો હતો ત્યાં શહેરના મધ્ય ભાગમાં આગળ વધ્યા. મને એક એવા મકાનમાં લઇ જવામાં આવ્યો જ્યાં બેઠેલા મંત્રીઓ શંકરાચાર્યના મુખ્ય સ્થાન કુંભકોનમ્‌થી આવેલા વિશાળ પત્રોનો નિકાલ કરતા હતા. ખુરસી વગરના આગળના ખંડમાં મને બેસાડીને વેંકટ-રામાનીએ શંકરાચાર્યને એક મંત્રી મારફત સંદેશો મોકલ્યો. અડધા કલાક પછી મંત્રીએ પાછા આવીને ખબર આપી કે મારી માગેલી મુલાકાત નહિ મળી શકે. શંકરાચાર્ય અંગ્રેજને મળવા નથી માગતા. હજુ તો બસો જેટલા લોકો મુલાકાત માટે રાહ જુએ છે. મુલાકાત મેળવવા કેટલાય લોકો શહેરમાં રાતભર પડી રહ્યા છે. મંત્રીએ એ માટે વારંવાર ક્ષમા માગી.

મેં પરિસ્થિતિને વિચારપૂર્વક વધાવી લીધી, પરંતુ વેંકટ-રામાનીએ કહ્યું કે એક ખાસ મિત્ર તરીકે એ શંકરાચાર્યને મળીને મારે માટે વકીલાત કરશે. ત્યાં ટોળે મળેલા કેટલાક લોકો એવી રીતે મકાનમાં દાખલ થવાનો એમનો વિચાર જાણીને બડબડાટ કરવા લાગ્યા. લાંબી દલીલો તથા વારંવારના ખુલાસા પછી એમણે



સૌને જીતી લીધાં. આખરે સ્મિત સાથે વિજયી બનીને એ પાછા આવ્યા.

'તમારી બાબતને શંકરાચાર્ય ખાસ અપવાદરૂપ માનશે. એ તમને એકાદ કલાકમાં મળી શકશે.'

મુખ્ય મંદિર તરફ જતી સુંદર શેરીઓમાં આંટાફેરા કરતાં મેં સમય પસાર કરવા માંડયો. રાખોડી રંગના હાથીઓ તથા ઊંચા, બદામી રંગની ચામડીવાળા, ઊંટની પંક્તિને પાણી પીવા લઇ જતા નોકરો મને જોવા મળ્યા. પોતાના પ્રવાસ દરમિયાન શંકરા-ચાર્ય જેના પર બેસતા તે સુંદર પ્રાણીનો પણ કોઇએ મને પરિ-ચય કરાવ્યો. એ ઊંચા હાથીની પીઠ પર મૂકેલી સુશોભિત અંબાડી પર એ બાદશાહી ઢબે સવારી કરતા. એ અંબાડીને કીમતી વસ્રો સોનાના ભરતકામ તથા બીજા ઉત્તમ પ્રકારના શણગારોથી અલંકૃત કરવામાં આવતી. એ ગૌરવવાન હાથીને રસ્તા પરથી પસાર થતો હું જોઇ રહ્યો. આગળ વધતી વખતે એ સૂંઢને વાળી લેતો ને પાછી છૂટી મૂકતો.

કોઇ ધાર્મિક વ્યક્તિને મળવા જતી વખતે થોડાંક ફળ, ફૂલ કે થોડીક મીઠાઇ લઇ જવાની પુરાણી પ્રથાને યાદ કરીને મેં પણ એ મહાપુરુષ માટેની મારી ભેટ તૈયાર કરી ફૂલ તથા નારંગી વિના બીજું કશું દેખાતું ન હોવાથી, મારી અનુકૂળતા પ્રમાણે જેટલી લઇ શકાય તેટલી એ વસ્તુઓ મેં ખરીદ કરી.

શંકરાચાર્યના કામચલાઉ નિવાસની બહાર જામેલી ભીડને લીધે એક બીજી મહત્ત્વની પ્રથાનો મને ખ્યાલ જ ન રહ્યો. 'તમારા બૂટ કાઢી નાંખો.' વેંકટરામાનીએ મને તરત યાદ કરાવ્યું. બૂટ કાઢીને મેં એવી આશા સાથે શેરીમાં રહેવા દીધા કે મારા પાછા ફરતાં સુધી એ ત્યાં જ પડી રહેશે!

એક નાનકડા દરવાજામાંથી પસાર થઈને અમે એક ખાલી ખંડમાં આવી પહોંચ્યા. એના દૂરના ખૂણામાં એક ઝાંખી પ્રકાશવાળી જગ્યામાં એક ટૂંકી આકૃતિ ઊભી રહેલી. એની પાસે જઈ મેં મારી ભેટ અર્પણ કરી અને નીચા નમીને નમસ્કાર કર્યા. એક સન્માનસૂચક આવશ્યકતા તથા સ્વચ્છ સભ્યતા તરીકેનો એનો વિચાર બાજુએ મૂકીએ તોપણ કળાની દૃષ્ટિએ પણ એ પદ્ધતિ ઘણી કીમતી લાગે છે અને પ્રભાવિત કરે છે. મને ખબર હતી કે શંકરાચાર્ય કાંઈ પોપ નહોતા, કારણ કે હિંદુધર્મમાં એવું કશું છે જ નહિ; પરંતુ એ ઘણા મોટા વિસ્તારમાં વસતી ધાર્મિક પ્રજાના ગુરુ અથવા પથપ્રદર્શક હતા. આખુંય દક્ષિણ ભારત એમની મર્યાદાને માન્ય રાખતું હતું.

* * *

મેં એમની તરફ શાંતિથી જોયા કર્યું. એ ટૂંકા કદના પુરુષે સંન્યાસીનો ભગવા રંગનો ઝભ્ભો પહેરેલો અને દંડ પર હાથ મૂકીને વાંકા વળેલા. એમના વાળ તદ્દન રાખોડી રંગના હતા તે જોઈને મને નવાઈ લાગી. કેમ કે મને કહેવામાં આવેલું કે એમની ઉંમર ચાળીસેકની હતી.

રાખોડી તથા ભૂખરા રંગના સંમિશ્રણવાળો એમનો ઉદાત્ત ચહેરો મારા સ્મરણ પટ પર પહેલા રેખાચિત્રોમાં આજે પણ માનભરેલું સ્થાન ધરાવતાં હસી રહ્યો છે. જેને આધ્યાત્મિક કહેવામાં આવે છે તે અલૌકિક તત્ત્વ એ ચહેરા પર રમી રહ્યું હતું. એમના હાવભાવ નમ્ર અને સરળ હતા, તથા એમની મોટી કાળી આંખ સુંદર અને અત્યંત શાંત દેખાતી. નાક નાનું, સીધું અને વ્યવસ્થિત હતું. એમની દાઢી થોડીક ઊગેલી હતી. એમના મુખમંડળની ગંભીરતા આગળ તરી આવતી. એમની મુખાકૃતિ



મધ્યયુગ દરમિયાન ખ્રિસ્તી દેવળમાં રહેતા સંતની મુખાકૃતિ સાથે મળતી આવતી : ફરક માત્ર એટલો જ હતો કે એમાં બુદ્ધિમત્તાનો ગુણ ઉમેરાયો હતો. મને લાગે છે કે વ્યાવહારિક પશ્ચિમમાં રહેતા આપણે એમ કહીશું કે એમની આંખ સ્વપ્નદૃષ્ટાની છે. ગમે તેમ પણ મને એવો અવર્ણનીય અનુભવ થવા માંડયો કે એમની ભારે પાંપણની પાછળ કેવળ સ્વપ્ન કરતાં કશુંક વધારે છૂપાયેલું છે.

'તમે મને મળવાની અનુજ્ઞા આપી તે માટે તમારો આભાર માનું છું.' મેં આરંભ કરતાં ઉલ્લેખ કર્યો.

એ મારા લેખક મિત્ર તરફ ફર્યા અને માતૃભાષામાં કશુંક બોલ્યા. મેં એનો અર્થ બરાબર સમજી લીધો.

'શંકરાચાર્ય તમારું અંગ્રેજી સમજે છે, પરંતુ એમને ભય છે કે તમે એમનું અંગ્રેજી નહિ સમજો. એટલા માટે એમના ઉત્તરોનો હું અનુવાદ કરી બતાવું એવી એમની ઈચ્છા છે.' વેંકટરામાનીએ કહી બતાવ્યું.

અમારી મુલાકાતના આરંભમાં તબક્કાઓમાંથી હું ઝડપથી પસાર થઈ જાઉં છું અને એમનું વર્ણન નથી કરતો, કારણ કે એ મહાન પુરુષ કરતાં એ મારી સાથે વધારે સંબંધ ધરાવે છે. એમણે મને દેશમાંના મારા અંગત અનુભવ વિષે પૂછી જોયું એક પરદેશી પર ભારતની પ્રજા તથા સંસ્થાઓની ખરેખર શી અસર પડે છે તે જાણવામાં એમને ઘણો રસ હતો. પ્રશંસા તથા ટીકા બંનેનું મુક્ત અને નિખાલસ રીતે સંમિશ્રણ કરીને, મેં એમની આગળ મારી ચોક્કસ અસરો રજૂ કરી.

એ પછી અમારો વાર્તાલાપ વધારે વિશાળ ક્ષેત્રમાં વહેવા માંડયો. મને એ જાણી નવાઈ લાગી કે એ અંગ્રેજી સમાચારપત્રો

નિયમિત વાંચે છે અને બહારની દુનિયામાં બનતા ચાલુ બનાવો-થી પણ સારી પેઠે માહિતગાર છે. વેસ્ટમિનસ્ટરમાં છેલ્લે છેલ્લે શું ચાલી રહ્યું છે એની એમને માહિતી હતી, અને યુરોપમાં લોક-શાહીનું બાળક કેવી કપરી પ્રસવવેદનામાંથી પસાર થઇ રહ્યું છે તેની પણ એમને ખબર હતી.

શંકરાચાર્ય ભવિષ્યવેત્તાની દિવ્યદૃષ્ટિથી સંપન્ન છે એ વેંકટ-રામાનીની દૃઢ માન્યતા મને યાદ આવી. મને થયું કે જો એમ જ હોય તો દુનિયાના ભાવિ વિશે કોઇ અભિપ્રાય આપવા માટે આગ્રહ કરી જોઉં!

'બધે ઠેકાણે રાજકીય અને આર્થિક સ્થિતિ ક્યારથી સુધરવા માંડશે?'

'પરિસ્થિતિના સુધારનો ફેરફાર બહુ જલદી થાય એવું નથી લાગતું.' એમણે ઉત્તર આપ્યો : 'એને માટે થોડો વખત લાગશે. દુનિયાના દેશો દર વરસે મોતનાં શસ્ત્રો પાછળ વધારે ખર્ચ કરતા હોય ત્યારે પરિસ્થિતિ કેવી રીતે સુધરી શકે?'

'છતાં પણ આજે નિઃશસ્ત્રીકરણની વાતો ઘણી થાય છે. એનો અર્થ ખરો કે નહિ?'

'તમે તમારાં લડાયક વહાણોના ટુકડા કરી નાંખો અને તમારી તોપોને કાટ ચડાવો તોપણ તેટલાથી જ કાંઇ યુદ્ધ બંધ નહિ થાય. લોકો પાસે લાકડીઓ રહેશે તોપણ તે લડાઇ કરતા રહેશે.'

'જુદા જુદા દેશો તથા ગરીબ અને અમીર વચ્ચેની સમજ કે સહાનુભૂતિ સિવાય બીજી કોઇ રીતે શુભેચ્છાનું વાતાવરણ પેદા નહિ થઇ શકે અને સાચી શાંતિ તથા સમૃદ્ધિ પણ નહિ પ્રકટે.'



'નજીકના ભવિષ્યમાં તો એવું નથી દેખાતું. અને તે પછી આપણી દૃષ્ટિએ પરિસ્થિતિ ભાગ્યે જ આનંદકારક લાગે છે.'

શંકરાચાર્ય દંડ પર ભાર દઈને હાથને આરામ આપવા લાગ્યા.

'છતાં ઈશ્વર છે.' એમણે ધીમેથી ઉદ્ગાર કાઢ્યો.

'એ હોય તોપણ બહુ દૂર દેખાય છે.' મેં હિંમતપૂર્વક કહી બતાવ્યું.

'મનુષ્યજાતિને માટે ઈશ્વરના દિલમાં પ્રેમ વિના બીજું કશું નથી.' એમણે શાંત ઉત્તર આપ્યો.

'જગતમાં જે દીનતા ને અધમતા દેખાય છે એના પરથી તો એમ જ લાગે છે કે એ એકદમ ઉદાસીન છે.' હું લાગણીવશ બનીને, મારા સ્વરમાંથી વક્રોક્તિની કટુતાને દૂર કર્યા વગર બોલી ઊઠ્યો. શંકરાચાર્યે મારી તરફ આશ્ચર્યવશ થઇને જોવા માંડ્યું. મારા ઉતાવળિયા શબ્દો માટે મને તરત જ અફસોસ થયો.

'ધીર પુરુષની દૃષ્ટિ વધારે ઊંડે જોઇ શકે છે. ઈશ્વર પોતાના નક્કી કરેલા વખતે પરિસ્થિતિ ઠીક કરવા માટે માનવ હથિયારોનો ઉપયોગ કરશે. રાષ્ટ્રો વચ્ચેનું ઘર્ષણ, મનુષ્યોની અનૈતિકતા, અને લાખો દુઃખી લોકોની કષ્ટ સહિષ્ણુતા પોતાની પ્રતિક્રિયારૂપે, કોઇક ઈશ્વરી પ્રેરણાવાળા પુરુષને મદદ કરવા પ્રેરિત કરશે. એ રીતે જોઇએ તો પ્રત્યેક સદીને પોતાનો આગવો ઉદ્ધારક હોય છે. એ ક્રમ વિજ્ઞાનના નિયમ પેઠે કામ કરે છે. આત્મિક અજ્ઞાન અને ભૌતિકવાદને પરિણામે પેદા થયેલી અધમતા જેટલી વધારે હશે એટલી જ લોકોત્તર મહાન વ્યક્તિ જગતની મદદ માટે પ્રકટ થશે.'

'તમે એમ માનો છો કે આપણા વખતમાં પણ કોઇક એવી વ્યક્તિ પેદા થશે?'

'આપણી સદીમાં.' એમણે સુધાર્યું. 'એ નિશ્ચિત છે. જગતની જરૂર એટલી બધી મોટી છે અને એનો આધ્યાત્મિક અંધકાર પણ એવો તો ગાઢ છે કે કોઈક ઈશ્વરી પ્રેરણાપ્રાપ્ત મહાપુરુષનો આવિર્ભાવ જરૂર થશે.'

'તો પછી તમારો અભિપ્રાય એવો છે કે માણસોની વધારે ને વધારે અવનતિ થતી જાય છે?' મેં પૂછ્યું.

'ના. હું એવું નથી માનતો.' એમણે સમભાવસાથે ઉત્તર આપ્યો : 'મનુષ્યની અંદર વસતો અલૌકિક અંતરાત્મા આખરે એને ઈશ્વરની પાસે અવશ્ય લઈ આવશે.

'પરંતુ પશ્ચિમનાં અમારાં શહેરોમાં એવા લફંગા લોકો વસે છે જેમનાં વર્તન પરથી આપણને એમ લાગે કે એમની અંદર દાનવો જ વાસ કરે છે.' નવા જમાનાની સોનેરી ટોળીને યાદ કરીને મેં કહેવા માંડયું.

'માણસો જે સંજોગોમાં જન્મે છે તે સંજોગો જેટલો દોષ માણસને દેવો ઠીક નથી. એમના સંજોગો અને એમની આજુ-બાજુનું વાતાવરણ એમને ખરેખર જેવા હોય છે તેથી ખરાબ બનવા માટે મજબૂર કરે છે. પૂર્વ ને પશ્ચિમ બંને વિશે એ સાચું છે. સમાજને વધારે ઉન્નત દશામાં લઈ જવાની જરૂર છે. ભૌતિકવાદને આદર્શવાદથી રોકવો જોઈએ. દુનિયાની મુશ્કેલી-ઓનો બીજો કોઈ સાચો ઉપાય નથી દેખાતો. દુનિયાના દેશો જે મુશ્કેલીઓમાં ડૂબતા જાય છે તેની વ્યથા તેમને એ ફેરફાર તરફ દોરી જશે. તમે જાણો જ છો કે નિષ્ફળતા કેટલીક વાર સફળતા તરફ લઈ જનારી સાબિત થાય છે.'

'તમે એવું ઈચ્છો છો કે માણસોએ આધ્યાત્મિક આદર્શોને એમના દુન્યવી વ્યવહારમાં ઉતારવા જોઈએ?'



'અવશ્ય. એ અવ્યવહારુ નથી. એ એક જ માર્ગ એવો છે જે છેવટે સૌને માટે સંતોષકારક પરિણામો લાવી શકશે અને એ પરિણામો લાંબા વખત સુધી ટકી શકશે. અને આત્મિક પ્રકાશની પ્રાપ્તિ કરનારા માણસો દુનિયામાં વધારે ને વધારે પ્રમાણમાં પેદા થશે તેમ એ પ્રકાશ પણ જલદી પથરાતો જશે. જો કે પહેલાંના વખત કરતાં થોડા ઓછા પ્રમાણમાં, પરંતુ ભારતના લોકો આજે પણ એમના ધાર્મિક પુરુષોને ઉત્તેજન આપે છે અને માનની નજરે જુએ છે. જો દુનિયાના બધા દેશો એવું કરે, અને આધ્યાત્મિક દૃષ્ટિવાળા પુરુષો પાસેથી પથપ્રદર્શન પ્રાપ્ત કરે, તો દુનિયામાં સત્વરે શાંતિ છવાઈ જાય ને વિશ્વ સમૃદ્ધિવાન થાય.'

અમારી વાતચીત ચાલુ રહી, મને એ સમજતાં વાર ન લાગી કે એમના કેટલાય દેશવાસીઓની પેઠે શંકરાચાર્ય પૂર્વને ઉત્તમ કહી બનાવવા માટે પશ્ચિમની બદનામી નહોતા કરતા. એ સ્વીકારતા હતા કે દુનિયાનો પ્રત્યેક ગોળાર્ધ પોતાના ભૂષણો ને દૂષણો ધરાવે છે, અને એ દૃષ્ટિએ એમનામાં લગભગ સરખાપણું છે. એમને આશા હતી કે ભવિષ્યની વધારે વિવેકી પેઢી એશિયા અને યુરોપ-ની સભ્યતાનાં ઉત્તમ તત્ત્વોનો સુમેળ સાધીને વધારે ઊંચી, સુંદર અને સુવ્યવસ્થિત સમાજરચનાનું નિર્માણ કરશે.

એ વિષયને પડતો મૂકીને મેં કેટલાક અંગત પ્રશ્નો પૂછવાની અનુમતિ માગી. એ અનુમતિ મને સહેલાઈથી મળી ગઈ.

'તમે શંકરાચાર્યનો ખિતાબ ક્યારથી ધારણ કર્યો છે?'

'ઈ. સ. ૧૯૦૭ થી. એ વખતે મારી ઉંમર બાર વરસની હતી. મારી પસંદગી પછી ચાર વરસ બાદ કાવેરી નદીના કાંઠા પરના એક ગામમાં ગયો. ત્યાં રહીને મેં ત્રણ વરસ સુધી

અભ્યાસ તથા ધ્યાનમાં મન લગાડયું. મારું જાહેર કાર્ય તે પછી જ શરૂ થયું.'

'તમારા મુખ્ય કેન્દ્ર કુંભકોનમ્‌માં તમે ભાગ્યે જ રહો છો એ સાચું છે?'

'એનું કારણ એ છે કે નેપાળના મહારાજાએ ઇ. સ. ૧૯૧૮ માં મને થોડાક વખત માટે એમના મહેમાન થવાનું આમંત્રણ આપેલું. મેં એનો સ્વીકાર કર્યો, અને ત્યારથી ઉત્તરમાં આવેલા એમના રાજ્યની દિશામાં મારો પ્રવાસ ચાલુ રહ્યો છે. છતાં આટલાં બધાં વરસો દરમિયાન હું થોડાક માઇલ જ આગળ વધી શક્યો છું, કારણ કે મારા પદની પરંપરા પ્રમાણે રસ્તામાં આવતા અને મને આમંત્રણ આપતા પ્રત્યેક ગામ કે નગરમાં, જો તે બહુ દૂર ન હોય તો, મારે રહેવું જોઇએ. સ્થાનિક મંદિરમાં મારે ધાર્મિક પ્રવચન કરવું જોઇએ. ને ગામ કે નગરના રહેવાસીઓને થોડો ઉપદેશ આપવો જોઇએ.'

મારી શોધ વિશે મેં નિર્દેશ કર્યો અને એમણે મને અત્યાર સુધી મળેલા યોગીઓ અથવા સંતપુરુષો સંબંધી પૂછપરછ કરી. એ પછી મેં નિખાલસપણે કહ્યું.

'યોગની ઉત્તમોઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી ચૂકેલા અને એમનો કોઇ પુરાવો આપી શકે તેવા અથવા એણનું પ્રદર્શન કરી શકે તેવા કોઇ મહાપુરુષને મળવાની મારી ઇચ્છા છે. એવા સંતપુરુષો તો કેટલાય છે જે કોઇક પુરાવો માગીએ ત્યારે પુરાવાને બદલે વાતો જ કરી શકે. મારી માગણી શું વધારે પડતી છે?'

એમની શાંત આંખ મારી આંખમાં મળી રહી.



એક મિનિટ સુધી સંપૂર્ણ શાંતિ રહી. શંકરાચાર્યે દાઢી પર આંગળી મૂકી.

'ઉત્તમ પ્રકારના સાચા યોગનો પરિચય પ્રાપ્ત કરવાની જ તમારી ઇચ્છઆ હોય તો એ ઇચ્છા કાંઇ વધારે પડતી ન કહેવાય. તમારી પ્રામાણિકતા તમને મદદ કરશે. તમારું નિશ્ચયબળ પણ સારું છે. વધુમાં તમારી અંદર એક પ્રકારના પ્રકાશનો ઉદય થઇ રહ્યો છે. તે તમને તમે જે ચાહો છો તેના તરફ દોરી જશે. એમાં શંકા નથી.'

હું તેમને બરાબર સમજી શક્યો કે કેમ તે બાબત મને શંકા રહી.

'મારા પથપ્રદર્શન માટે અત્યાર સુધી મેં મારા પર જ આધાર રાખ્યો છે. તમારા કેટલાક પ્રાચીન સંતોએ કહ્યું છે પણ ખરું કે આપણી અંદરના ઇશ્વરથી જુદા બીજા ઇશ્વર નથી રહ્યા.' મેં કહેવાનું સાહસ કર્યું.

અને ધીમેથી ઉત્તર આપ્યો :

'ઇશ્વર બધે રહેલા છે એમને પોતાની જાત પૂરતા જ સીમિત કેવી રીતે કરી શકાય? એ તો સમસ્ત સૃષ્ટિને ટકાવી રહ્યા છે.'

મને લાગ્યું કે હું મારા ઊંડાણમાંથી બહાર નીકળતો જાઉં છું, અને એટલા માટે એ ઇશ્વરવિષયક જ્ઞાનમાંથી મનને હળવું કરવા મેં વિષય બદલ્યો.

'મારે માટે સૌથી વ્યવહારુ ક્રમ કયો હોઇ શકે?'

'હમણાં તો પ્રવાસ ચાલુ રાખો. જ્યારે એ પૂરો થાય ત્યારે તમને મળેલા જુદા જુદા યોગીઓ અને સંતપુરુષોને યાદ કરો.

એમનામાંથી તમને સૌથી વધારે પ્રભાવિત કરનારા એકને પસંદ કરીને એની પાસે પહોંચી જાઓ, તો એ તમને જરૂર દીક્ષા આપશે.'

હું એમની શાંત આકૃતિ તરફ જોઇ રહ્યો અને એની પવિત્રતાની પ્રશંસા કરવા લાગ્યો.

'પરંતુ ધારો કે એમનામાંથી કોઇનીય અસર મારા પર પૂરતા પ્રમાણમાં ન થાય તો?'

'એવી પરિસ્થિતિમાં ઈશ્વર પોતે જ તમને દીક્ષા ન આપે ત્યાં સુધી તમારે એકલે હાથે આગળ વધવું જોઇએ. નિયમિત રીતે ધ્યાન કરો. ઉત્તમ વિષયોનું પ્રેમપૂર્વક મનન કરો. આત્માનો અવારનવાર વિચાર કરો, અને એમ કરવાથી એનો અનુભવ કરી શકશો. સાધના માટે સવારનો સમય સૌથી ઉત્તમ છે. બીજો ઉત્તમ સમય સાંજનો છે. એ વખતે વાતાવરણ શાંત હોય છે તેથી ધ્યાનમાં કોઇ પ્રકારનો વિક્ષેપ પેદા નથી થતો.' (ક્રમશઃ)

### નાથવચનામૃત

ઉપાસના સિદ્ધ થવામાં દીર્ઘકાલ, નિરંતરપણું, સત્કારપૂર્વક ઈષ્ટમંત્રનો જપ, ને ઇષ્ટદેવનું ધ્યાન એ ઉપાયો છે. પરમાત્માનું સગુણસ્વરૂપ ધ્યેય કહેવાય, ને પરમાત્માનું નિર્ગુણસ્વરૂપ એટલે બ્રહ્મ જ્ઞેય કહેવાય. આરંભમાં વાણીવડે ઇષ્ટમંત્રનો જપ ને ચિત્ત-વૃત્તિને પરમાત્મામાં જોડવાનો યત્ન એ કરવાનાં છે. પ્રત્યેક શુભ-કાર્યનો આરંભ કઠિન પ્રતીત થાય છે, પણ અભ્યાસથી તે સુલભ થઇ જાય છે.

શ્રીમન્ નથુરામશર્મા



એક જીવંત આધ્યાત્મિક સ્ત્રી સંત

# શ્રી ઈંદિરાદેવી

મૂળ લેખક : દિલીપકુમાર રોય
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

આખી ઘટના એવી અજાયબભરી હતી કે મોટાભાગના લોકો એ માનવાનો જ ઇન્કાર કરતા. ઇંદિરાને પોતાને પણ એમાં કશું સમજાતું નહોતું, એટલે બીજાઓને ન સમજાય તો એમાં એમનો દોષ કેમ કહાય? છતાં ઘટના સાચી હતી, અને વખત જતાં ઇંદિરાના જીવનની એ મોટામાં મોટી ઘટના બની રહી. ઇંદિરાને હવે કોઇના સમર્થનની જરૂર ન રહી, ભલેને આખી દુનિયા ન માને, તોય શું? ઇંદિરાને કોઇની પરવા ન રહી.

કોઇ નિરાધાર ગરીબ બાઇને ઓચિંતાનો લાખો રૂપિયાનો વારસો મળી જાય, અને બેંકના ખાતામાં એના નામે લાખો રૂપિયા બોલવા માંડે એવું ઇંદિરાને થયું હતું. ગરીબ બાઇ ગમે એટલું કહે કે મારી પાસે લાખો રૂપિયા છે, પણ એની વાત કોણ માને? જે સાંભળે એ એમ જ કહેવાના કે વાત બનાવટી છે, સાચી હોય તો બેંકની પાસબુક બતાવીને સાબિત કરી આપે! બાઇ એ સાંભળી શું કરે? હસે! ડાહ્યાઓ શંકાશીલ બની ગમે તે કહે, પણ એમની મજાક કરતાં એની પાસે રૂપિયા છે એ એને મન વધારે મહત્ત્વની વાત છે.

આધ્યાત્મિક જીવનમાંયે એવું છે, પ્રભુની તમારા પર કૃપા થઇ તોપછી બીજું બધું જ નિરર્થક બની જાય છે, અને કદી ઈશ્વરની પાસેથી કશું ન માગ્યું તોયે લોકો ગમે તે બોલે તેની તમારે મન

કાંઇ કિંમત નથી, કારણ કે તેવે વખતે તમે ઢોલ પીટીને ઈશ્વરના આગમનની જાહેરાત કરો, તોયે તમારું હૃદય ખાલી જ રહેવાનું!

મીરાંનું અવતરણ માન્યામાં ન આવે એવું હતું અને વરસો પછી પણ ઇંદિરાનું આશ્ચર્ય શમ્યું નથી. ગીતો (ભજનો) બધાં હિંદીમાં હતાં, અને એમાંના કેટલાક શબ્દો તો ઇંદિરા સમજતી પણ નહોતી. આથી એના આશ્ચર્યનો પાર નહોતો, પણ પછી એને ખબર પડી કે મીરાંબાઇ શબ્દોમાં નથી બોલતાં પણ આંદોલનોમાં બોલે છે! જો ઇંદિરાનું મન બિલકુલ નિસ્તરંગ હોય તો બધા શબ્દો ભૂલ વગર આવતા, પણ મનમાં કોઇ બુદબુદ પેદા થયો તો તે વખતે મનમાંથી પસાર થતાં આંદોલનમાંથી કોઇ શબ્દ ખરી જતો, અને એની જગ્યાએ ભળતો ઉર્દૂ શબ્દ ઘૂસી જતો.

### કૃપા

ઇંદિરા ઘણીવાર પોતાના મનમાં પ્રશ્ન કરતી કે આ અનુભૂતિઓ મારી વિકાસયાત્રામાં કોઇ રીતે મદદરૂપ થાય છે ખરી? અનુભૂતિઓ જો માણસને આગળ વધવામાં સહાય ન કરતી હોય તો પછી એ અનુભૂતિઓનો ઉપયોગ પણ શો છે?

દાખલા તરીકે, મીરાંબાઇ એની પાસે આવ્યાં એનું કારણ શું? ઇંદિરાની આગળ એમણે સેંકડો ભજનો ગાયાં, અને માર્ગદર્શન આપ્યું, એની સાથે વાતો કરી, આશિષ આપી અને એના પર ભાવ વરસાવ્યો શા માટે?

શું એ બધું ઇંદિરાને મદદ કરવા માટે નહોતું? હતું જ, એ વિષે શંકા નથી કારણ, આવી દરેક અનુભૂતિ પછી ઇંદિરાની ચેતનામાં કંઇ ને કંઇ પરિવર્તન થતું, હૃદય વધારે શુદ્ધ, વધારે સહનશીલ અને વધારે વિનમ્ર થતું.



મીરાંબાઇના આગમનની અનુભૂતિઓ ગાઢ બની. હવે ઇંદિરા ધ્યાનમાં બેસે કે થોડીવારમાં જ એનો આત્મા તીરની પેઠે છૂટી મસ્તકમાંથી બહાર નીકળી આવતો. લોકોની સાથે વાતો કરતાં કરતાં અચાનક થોડી પળ એ અંદર ડૂબકી મારી જતી, અને બહાર સુખના તરંગો પર તરવા માંડતી. ધીમે ધીમે એને માલૂમ પડયું કે કંઇ પણ પ્રયત્ન કર્યા વગર એના હરેક શ્વાસોચ્છ્વાસમાં ઈશ્વરનું નામ લેવાયા કરતું હતું. કોઇવાર તો એને એવો અદ્ભુત અનુભવ થતો કે જાણે આ શરીરના અણુએ અણુએ જીભ છે, અને એ જીભથી એનું અણુએ અણુ ભગવાનનું નામ રટી રહ્યું છે! ભગવાનના નામે સાક્ષાત્ ભગવાન બની એના આખા અસ્તિત્વને ભરી દીધું હતું, તેથી નામજપ બંધ થતાં એને હૃદય ખાલી લાગતું!

એક વખત ધ્યાનમાં મીરાંનું દર્શન થતાં ઇંદિરાએ એને કહ્યું કે લોકો આ આખા ચમત્કારને બનાવટી સમજે છે, અને મને પણ એમની વાતો સાચી લાગે છે.

જવાબમાં મીરાંએ હસીને કહ્યું, 'તું જો લોકોને કહેશે કે તને ભૂત દેખાય છે, એ ભૂત મને બિવડાવે છે, ઘરમાં બધું રમણભમણ કરી નાંખે છે, અને ભયાનક આવજો કરે છે, તો ભાગ્યે જ તારી વાત માનવાનો કોઇ ઇન્કાર કરશે, ઊલટું સામેથી તેઓ તને એવાં તોફાની ભૂતપ્રેતોની બીજી દશ વાતો સંભળાવશે, પરંતુ જો તું એમને કહેશે કે એક આત્મા મારી પાસે આવે છે, ઈશ્વરનાં ભજન ગાય છે અને આનંદમાં મસ્ત બની નાચે છે, તો લોકોને એ માનવું અઘરું લાગશે. માણસનું મન જ આવું વિચિત્ર છે. એ ઈશ્વરની સીધી સહાય કે ઈશ્વરના પ્રતિનિધિઓ દ્વારા મળતી નિઃસ્વાર્થ સહાય, નિઃસ્વાર્થ પ્રેમનો સ્વીકાર કરી શકતું નથી.'

પણ ઇંદિરાએ ભારપૂર્વક કહ્યું, 'આ તો ચમત્કાર છે. એની ના કેમ કહેવાય?

મીરાંએ કહ્યું, 'જરૂર, ચમત્કાર છે! પરંતુ ગુલાબની કળી, સોનેરી ઉષા, ઘાસનું તણખલું એ શું ચમત્કાર નથી?' આપણી ચારે બાજુ આપણે ચમત્કાર જોઇએ છીએ. ખરું કહું તો, આ આખી સૃષ્ટિ ચમત્કાર છે. આપણે જે કંઇ રોજ જોઇએ છીએ, તેનો આપણું મન સ્વીકાર કરે છે, અને પછી એની સાથે મેળ મેળવી લે છે ને જીવે છે. પછી એ યુદ્ધ જેવી ભયાનક ચીજ હોય કે પાણીના ધોધ જેવી સુંદર ચીજ હોય, રૂપાળું પંખી હોય કે સ્વામીભક્ત કૂતરો હોય. શરત માત્ર એટલી કે એણે ફરી ફરી એ ચીજ જોવી જોઇએ, પછી એ ગમે એટલી ચમત્કારિક હોય, પણ એનો એ સ્વીકાર કરી લે છે. નવી કે અપરિચિત ચીજથી માણસો ભડકે છે, અને એને અશક્ય ગણી કાઢી એનાથી દૂર રહે છે. મનુષ્યોથી બધું નથી બનતું, પણ ઈશ્વર માટે કશું અશક્ય નથી!'

(ક્રમશઃ)

### નાથવચનામૃત

શ્રદ્ધા ને ઉત્સાહથી ઇષ્ટમંત્રનો જપ કરતા રહેશો, ને મનનું ભ્રમણ તથા આળસ છોડી દઇ ઉદ્યોગ કરશો તો ધીરે ધીરે સારું થશે. ઉતાવળે આંબા પાકતા નથી એમ સમજી ધીરજ રાખી શુભ પ્રયત્ન કરતા રહેશો.

શ્રીમન્ નથુરામશર્મા



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એણે ઉપસંહારમાં કહ્યું : 'રામ તથા સુગ્રીવ લંકામાં આવી જ નહિ શકે. સાગરને પાર કરવાનું કામ એમને માટે અશક્ય છે. છતાં પણ આપણે પૂરેપૂરી તૈયારી તો રાખવી જ જોઇશે. યુદ્ધ કરવાનો અવસર આવશે તો આપણે આપણું સામર્થ્ય બતાવી આપીશું. આપણી સાથે યુદ્ધે ચઢીને કોઇ યે સફળ નહિ થઇ શકે. રામ, લક્ષ્મણ કે સુગ્રીવ જે હશે તેને રણમાં રોળી નાંખીશું. કેમ વિભીષણ?'

રાવણે વિભીષણ તરફ નજર કરી એટલે વિભીષણે કહ્યું : 'મારું હૃદય તો જુદી જ વાત કહી રહ્યું છે. મને તમારા વચનમાં અતિશયોક્તિ લાગે છે.'

'કેમ?'

'મને તો રામ અને સુગ્રીવ લંકામાં આવી પહોંચશે એમાં સહેજ પણ શંકા નથી લાગતી. જેમના દૂતે સાગર પાર કરીને લંકામાં પ્રવેશ કર્યો અને આટલો બધો ઉલ્કાપાત મચાવ્યો, તેમને માટે સાગરને પાર કરવાનું અને આપણી ઉપર વિજય મેળવવાનું જરા પણ અશક્ય નથી લાગતું.'

રાવણ છંછેડાઇને બોલ્યો : 'એટલે? તું રામના બળને અને રામની બુદ્ધિને મારા કરતાં વધારે માને છે એમ?'

વિભીષણ જરા પણ ઉત્તેજિત થયા વગર બોલ્યો : 'હું વધારે

કે ઓછાની ચર્ચામાં નથી પડતો. બળ તથા બુદ્ધિ તો તમારી અંદર પણ અનંત છે, પરંતુ એમનો દુરુપયોગ થયો છે. તમે એમની દ્વારા અધર્મમાં પ્રવૃત્તિ કરી છે. સીતા જેવી નિર્દોષ સ્રીને હરી લાવીને તમારી બુદ્ધિ તથા શક્તિ અધર્મની પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. તમે રામ તથા સુગ્રીવ સાથે પરસ્રીના મોહમાં પડીને હાથે કરીને શત્રુતા વહોરી છે. રામના બહુબળનો પરિચય મને હજુ નથી થયો છતાં પણ એ વાત તો દીવા જેવી ચોક્ખી છે કે, એમના પક્ષે ધર્મ છે અને તમારા પક્ષે અધર્મ. એમની સાથે નીતિ છે અને તમારી સાથે અનીતિ, એટલે તમારું બળ ઘટયું છે અને એમનું વધ્યું છે. તમારી વચ્ચે યુદ્ધ થશે તોપણ જય એમનો જ થશે; કારણ કે ન્યાય, નીતિ, ધર્મ કે સત્ય જ છેવટે વિજયી ઠરે છે અને અન્યાય, અનીતિ, અધર્મ કે અસત્યનો પરાજય કે નાશ થાય છે.'

'એટલે? તું શું કહેવા માગે છે?'

'મારે જે કહેવાનું છે તે તદ્દન સ્પષ્ટ છે. રામ તથા સુગ્રીવની શક્તિને ઓછી ન આંકતા. તમારી ભૂલને લીધે સમસ્ત લંકાને સોસવું પડે એવું ન કરતા. તમારું અને બીજાનું હિત કરવું હોય તો તમારી ભૂલને હજુ પમ સુધારી લો.'

'વિભીષણ, તું વધારે પડતું બોલી રહ્યો છે!'

'વધારે પડતું નથી બોલી રહ્યો, પરંતુ તમારા પ્રિય ભાઈ તેમ જ હિતચિંતક તરીકે તમે માગો છો ત્યારે સાચી સલાહ આપી રહ્યો છું, કે તમારા તથા તમારી સાથે સંકળાયેલા બીજા સૌના શ્રેયને માટે સીતાને વહેલી તકે છોડી દો અને રામ તથા સુગ્રીવ સાથે મૈત્રી કરી લો.'

'વિભીષણ!' રાવણ રોષે ભરાઈને બોલી ઊઠયો : 'મારે તારી



સલાહ નથી જોઈતી. તું તારી સલાહ આપવાનું બંધ કર. મંદોદરી-ની સલાહને પણ હું મહત્ત્વની નથી માનતો તો તારા આ વ્યર્થ બકવાદને મહત્ત્વનો માની લઈશ? તું લંકામાં મારો શત્રુ થઈને મને આવી એકતરફી સલાહ આપતાં તને શરમ નથી આવતી? સલાહ આપવી જ હોય તો સીતા તથા રામને આપ કે જેથી એ એકમેકનો મોહ મૂકી દે.'

'એવી સલાહ આપવાનો મારાથી વિચાર પણ ન કરી શકાય. સ્વપ્ને પણ નહિ. તમે મારા પર ક્રોધે ભરાશો તોપણ હું તમને સાચું જ કહીશ અને તમને તમારા હિતની વાત જ સંભળાવીશ.'

વિભીષણના શબ્દો સાંભળીને રાવણ સિંહાસન પરથી ઊભો થઈ ગયો ને તલવાર તાણીને બોલ્યો : 'તો પછી તેના દંડની ખબર છે? વધારે બોલીશ તો તારા મસ્તકને ધડથી અલગ કરી દઈશ. તું કોની આગળ બોલી રહ્યો છે તે કદાચ ભૂલી ગયો હશે.'

'નથી ભૂલી ગયો. મને એ બરાબર યાદ છે. હું ભાઈ તરીકેના મારા કર્તવ્યનું પાલન કરી રહ્યો છું, અને એમ કરતાં મારે મૃત્યુને ભેટવું પડશે તોપણ શું? દેહાંત દંડની ધમકી કે તલવારના પ્રદર્શનથી હું નથી ડરતો, મારું જીવન જ્યાંસુધી શેષ હશે ત્યાંસુધી મને કોઈ પણ નહિ મારી શકે.'

'તારા જેવા નિમકહરામનું મોઢું જોવાની પણ મને ઇચ્છા નથી. તને જો રામ અને સુગ્રીવ પર આટલો બધો પ્રેમ છે તો લંગા છોડીને એમની પાસે શા માટે નથી જતો?'

'તમે કહેતા હો તો જરૂર જાઉં.'

'તું એમની પાસે જવાની રાહ જોતો જ બેસી રહ્યો છે તે જાણું છું. જા, તું વહેલી તકે રવાના થા. તારું અમંગલ મુખ હવે મને નહિ બતાવતો.'

વિભીષણ ચાલી નીકળ્યો. સભાસદો બધા દુઃખી તથા દિગ્મૂઢ બની ગયા, પરંતુ રાવણના ભયને લીધે કશું ન બોલી શક્યા. રાવણ સિંહાસન પર બેસીને બીજી ચર્ચા કરવા લાગ્યો.

વિભીષણે મંદોદરીને મળીને રાજસભામાં બનેલી બધી હકીકત સંક્ષેપમાં કહી બતાવી અને પોતાનો લંકા ત્યાગનો નિર્ણય પણ જણાવ્યો, એટલે મંદોદરી બોલી : 'તમારો નિર્ણય આવકારદાયક અને ઉત્તમ છે. આ પરિસ્થિતિમાં આ જ નિર્ણય લઇ શકાય. સ્વમાની પુરુષ બીજો નિર્ણય લઇ જ ન શકે. તમારી જગ્યાએ હું હોત તો મેં પણ આવો જ નિર્ણય લીધો હોત.'

રામની પાસે જવાથી મારા આત્માને એટલો સંતોષ તો અવશ્ય થશે કે મેં ન્યાય, નીતિ તથા સત્યનો પક્ષ લીધો તેમ જ એમને સાથ અથવા સહકાર આપ્યો. મારો આત્મા મને ડંખશે નહિ. તારા જેવી મહાદેવીના દર્શનથી કામચલાઉ વખતને માટે વંચિત રહેવું પડશે એ વાતનું દુઃખ છે, છતાં પણ મને શાંતિ મળશે. તારા જેવી મહાદેવીનું દર્શન કાંઇ ઠેરઠેર ન જ થાય.'

(ક્રમશઃ)

**નાથવચનામૃત**

આયુષ મર્યાદાવાળું છે એમ સમજી વિવેકીએ પોતાના અગત્યના કર્તવ્યમાં પ્રમાદ સેવવો ઉચિત નથી, માટે હવે કર્તવ્ય પરિપાલનમાં વૃત્તિને વિશેષ વેગવતી રાખી આનંદાનુભવ કરતા રહેશો.

**શ્રીમન્ નથુરામશર્મા**

## * વૈરાગ્ય અંગે ખોટો ખ્યાલ *

જ્ઞાની, વૈરાગી કે સાધકે ઘર ને કુટુંબનો સંબંધ છોડવો જ જોઇએ એમ માનવા–મનાવવામાં અજ્ઞાન રહેલું છે. એ અજ્ઞાનની અસર નીચે આવીને કેટલાય ઉછરતી ઉંમરના યુવાનો ઘરબહાર ને નોકરીધંધા છોડી દે છે, ને કોઇ સંત, મહાત્મા કે આશ્રમનો આધાર લે છે. તેમના માતાપિતા તેમની પાછળ કલ્પાંત કરે છે, કેટલાક સંજોગોમાં તો યુવાન સ્ત્રી ને બાળકો પણ રડે છે ને ટળવળે છે તથા નિરાધાર બને છે, છતાં વૈરાગ્ય ને વિચારવાયુની ખોટી અસર નીચે આવીને તે માણસો પોતાની ફરજનો ત્યાગ કરવામાં મોટાઇ માને છે, ને પોતાના સ્વજનોની સંભાળ લેવામાં ને સેવા કરવામાં—અરે જીવનભર તેમની સામે પ્રેમ ને દયાની દૃષ્ટિથી જોવામાં ને તેમની સાથે કોઇ જાતનો સંબંધ રાખવામાં પણ વૈરાગ્યની હાનિ સમજે છે. ને પછી તે પોતે શું કરે છે? જ્ઞાન મેળવવાની કે સાધના કરવાની શક્તિ, ઇચ્છા કે સમજ તો બહુ જ ઓછા માણસોમાં હોય છે. એટલે વધારે ભાગના વૈરાગીઓ તો નામ ને વેશને બદલી, પોતાના કે બીજાના હિત માટેનું કોઇ પણ ખાસ કામ કર્યા વિના જીવનને ઘોર તમોગુણમાં જ પસાર કરે છે. માણસો પણ આવા વૈરાગ્યને સમર્થન આપે છે ને વખાણે છે એ આશ્ચર્ય છે.

**યોગેશ્વરજી**

ADHYATMA Regd. No. GBV 113

# * સાચો જ્ઞાની કે વૈરાગી કેવો? *

જ્ઞાની, વૈરાગી કે સાધક જેમ તેમ બોલે, ફરે, ખાય ને રહે તથા સામાન્ય માણસો કરતાં તેનો વ્યવહાર તો જુદો જ હોય એવી ગેરસમજ પણ આપણે ત્યાં સારી પેઠે ફેલાયેલી છે. એટલે જ્ઞાની ગમે તેવું વર્તન કરે તોપણ ચલાવી લેવામાં આવે છે. એટલું જ નહિ, કેટલીકવાર તો તેના વિલક્ષણ વર્તન પરથી તેની કિંમત વધારે કરવામાં આરે છે. જ્ઞાની કે સાધુ ગાળ કે અપશબ્દો બોલે, ગંદા રહે ને સાધારણ રીતે અસભ્ય લાગતી રીતભાત બતાવે તો કોઇને આશ્ચર્ય થતું નથી. કેટલીકવાર તેને તેના સિદ્ધપણાનું લક્ષણ માનવામાં આવે છે. એ ભૂલને સુધારવાની જરૂર છે. જે જ્ઞાની, વૈરાગી કે સિદ્ધ થાય છે તે માનવતાના સ્વાભાવિક ગુણોથી ભ્રષ્ટ થઇને પશુદશા તરફ પ્રગતિ કરતો નથી. જંગલી જનાવરની જેમ પણ જીવતો નથી. તે તો ઉત્તમ માનવ બને છે. માનવતાના ગુણો તેનામાં સોળે કળાએ ખીલી ઊઠે છે. તે પ્રત્યક્ષ દેવતા બની રહે છે. તેના વિચાર, તેની વાણી ને વર્તન સૌને માટે આદરણીય, આદર્શ ને બોધપાઠ લેવા જેવું કે અનુકરણીય થઇ જાય છે. જ્ઞાન, વૈરાગ્ય કે આધ્યાત્મિક ઉન્નતિને નામે તે કદી પણ સ્વેચ્છાચારી બનતો નથી. દુરાચારી તો કદી પણ થતો નથી. જો થતો હોય, ને તેમ થવામાં ગૌરવ ગણતો હોય તો તેની સમજણમાં કાંઇ દોષ છે એમ નક્કી સમજી લેવું.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર-૧.